**સુવિચાર**
અત્યંત વ્યસ્ત માણસ પાસે બધા જ કામો માટે સમય હોય છે !
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૧/૦૪/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
કેસર,અંજીર, મલાઈ કસ્તુરી
4 in 1 શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ ચૈત્ર સુદ-૧૪ વર્ષ : ૧૬ અંક : ૧૦૨

## પ્રદેશ ભાજપા ઉપાધ્યક્ષ ગોરધનભાઈ ઝડફીયા અને ધારાસભ્ય કસવાલાનાં હસ્તે

# સાવરકુંડલા પંથકમાં કરોડો રૂપિયાનાં વિકાસકાર્યોનું ભૂમિપૂજન થયું

**ધોબા-ઠાંસા ગામ વચ્ચે શેત્રુંજી નદી પર રૂપિયા ૧૪ કરોડનાં ખર્ચે બ્રીજ બનાવાશે**

**ધોબા-પીપરડી માર્ગ ઉપર રૂપિયા ૧.૨૦ કરોડનાં ખર્ચે બંધાશે વિકાસનો સેતુ**

**નવા બનનાર પુલનાં લીધે એકાદ ડઝન ગામોનો વાહન વ્યવહાર સરળ બનશે**

**દીપક માલાણી, જીતુભાઈ કાછડીયા સહિતનાં સ્થાનિક આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા**







સાવરકુંડલા, તા. ૧૦
સાવરકુંડલા તાલુકાએ વિકાસનાં પંથે વધુ એક મજબૂત પગલું ભર્યુંછે. ધોબાથી ઠાંસા–ગારિયાધાર રોડ પર શેત્રુંજી નદી પર રૂા. ૧૪ કરોડનાં ખર્ચે નિર્માણ પામનાર અતિ મહત્વપૂર્ણ બ્રિજ અને સાવરકુંડલાના ધોબા–પીપરડી રોડ પર રૂા. ૧.૨૦ કરોડના ખર્ચે બનનારા બ્રિજનું આજરોજ ખાતમુર્હુત કરવામાં આવ્યું. આ બન્ને બ્રિજ થકી સાવરકુંડલા તાલુકો અને ગારીયાધાર તાલુકા વચ્ચે એક પરિવહનની વધારાની સુવિધા પ્રાપ્ત થશે. જેનાથી સ્થાનિક લોકો માટે પરિવહનની સુગમતા વધારશે, તેમના જીવનને સરળ બનાવશે અને પ્રદેશના વેપાર–વાણિજયને નવી ઊંચાઈઓ આપશે.

આ પ્રસંગે પૂર્વ ગૃહમંત્રી અને પ્રદેશ ભાજપા ઉપાધ્યક્ષ ગોરધનભાઈ ઝડફિયાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. તેમની સાથે તાલુકા પંચાયતનાં પ્રમુખ જીતુભાઈ કાછડીયા, માર્કેટિંગ યાર્ડનાં ચેરમેન દીપકભાઈ માલાણી, જિલ્લા પંચાયતના સભ્ય પુનાભાઈ ગજેરા, તાલુકા પંચાયતના સભ્ય પ્રમોદભાઈ રંગાણી, મોટા ભમોદ્ર સરપંચ ભાવેશભાઈ ખૂંટ, તાલુકા ભાજપના ઉપપ્રમુખ દિલુભાઈ ખુમાણ, કિશનભાઈ ખુમાણ, ધોબા ગામના સરપંચ પ્રતાપભાઈ અને પીપરડીના સરપંચ તેમજ ગામના અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તેવું સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## આગની સતત ઘટનાથી વન્ય પ્રાણીઓની સુરક્ષાને લઈને ચિંતા

# જાફરાબાદ : બાબરકોટ નજીક આવેલ માઈન્સમાં આગ લાગતા દોડધામ મચી

**સ્થાનિક ફાયરની ટીમે આગ પર કાબુ મેળવ્યો**



જાફરાબાદ, તા. ૧૦
જાફરાબાદમાં આવેલા બાબરકોટ ગામ પાસે માઈન્સ કંપનીમાં જંગલ વિસ્તારમાં આગ લાગતા આગને કાબુમાં લેવા જાફરબાદ નગરપાલિકા ફાયરબ્રિગેડ સાથે નગરપાલિકા સ્ટાફ ઘટના સ્થળે પહોંચતા આગને કાબુમાં લેવાના પ્રયાસો થયા હતા. ઉનાળાની ઋતુમાં અમરેલી જિલ્લામાં ત્રણથી ચાર ઘટના આગ લાગવાની બનીઉ તેવામાં જાફરાબાદમાં આગ લાગવાની ઘટના બની. જાફરાબાદ ફાયર ફાઈટર ધ્વારા આગને કાબુમાં લેવામાં આવી હતી. મળતી માહિતી મુજબ અહીં મોટા ભાગે દેશી બાવળોના ગાઢ જંગલ વિસ્તારમાં સિંહોનો રહેણાંક વિસ્તાર હોય આગ લાગતાં વનવિભાગ પણ ઘટના સ્થળે દોડી ગયું હતું. પરંતુ મોટી દુર્ઘટના ના સર્જાય તે પહેલાં પાલિકાના ફાયટર ફાઈટર ધ્વારા આગને કાબુમાં લેવામાં આવી હતી.

## ભેળસેળીયા તત્વોને જનઆરોગ્યની કોઈ ચિંતા નથી

# લ્યો બોલો : ખાંભાનાં ડેડાણ ગામેથી સડી ગયેલ ગોળનો ચાલતો કાળો કારોબાર ઝડપાતા ચકચાર

**આરોપી મહેશભાઈ જાનીના કબ્જામાંથી મુદ્દામાલ ઝડપાયો**

અમરેલી, તા.૧૦
ખાંભા તાલુકાના ડેડાણ ગામે રહેતા આરોપી મહેશભાઈ પરશોતમભાઈ જાનીએ ગત તા. ૧૪/૩/૨૫ના રોજ તેમના હવાલાવાળા મકાનમાં કોઈ કંપનીના માર્કા કે બીલ વગરના પાસ પરમીટ વગરના એકસરખા રસીવાળા ગોળના કુલ–૫૯ ડબ્બા કિંમત રૂપિયા ૪૧૩૦૦ સાથે મળી આવેલ હોય. જેમાં મળી આવેલ સદરહુ ગોળના જથ્થાની એફ.એસ.એલ. તપાસણી કરવી જરૂરી હોય. સ્થાનિક પોલીસે જેથી જાણવા જોગ તપાસ અર્થે કબ્જે કરેલ હતા અને સદરહુ ગોળના ડબામાથી એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ ૭૫૦ : ૭૫૦ ગ્રામના રેન્ડમલી કુલ–૧૦ ડબ્બા સીલબંધ એફ.એસ.એલ. તપાસણી અર્થે જુનાગઢ ખાતે મોકલેલ હતા. તે મુદામાલ અંગેનું પૃથ્થકરણ સર્ટી આવતા અગાઉ મળી આવેલ રસીવાળા ગોળના કુલ–૫૯ ડબ્બામાં ગોળ સડેલ અને અખાદ્ય હોવાનું જણાય આવતા આ આરોપી મહેશભાઈ પરશોતમભાઈ જાનીએ પોતાના કબ્જાના મકાનમા કોઈ કંપનીના માર્કા કે બીલ વગરના પાસ પરમીટ વગરના એકસરખા કુલ–૫૯ રસીવાળા સડેલ ગોળના ડબ્બા રાખતા આ બનાવમાં પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

## જીંદગીથી કંટાળીને પગલુ ભર્યુ

# ધારીના ગોવિંદપુર ગામનાં આધેડે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

**વાડીએ સાંજનાં સમયે પગલુ ભર્યુ**

અમરેલી, તા. ૧૦
ધારી તાલુકાનાં ગોવિંદપુર ગામે પોતાની વાડીએ રહેતા કાંતિભાઈ બાઉભાઈ રાણપરીયા નામનાં ૪૮ વર્ષિય આધેડે ગત તા.૭ના સાંજના ૭:૩૦ વાગ્યે ગોવિંદપુર ગામે પોતાની વાડીએ જીંદગીથી કંટાળી ખડમાં છાંટવાની ઝેરી દવા પી જતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

**અમરેલી જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. અમરેલી**
'અમર ડેરી' અમર ત્રિભેટો – ધારી રોડ, અમરેલી – ૩૬૫૬૦૧

**ચુંટણી સંબંધિત** (અત્યંત જરૂરી સમય મર્યાદા)

આથી દુધ સંઘની તમામ સંયોજીત સહકારી સંસ્થાને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.અમરેલી સાથે સંયોજીત સહકારી મંડળીના પ્રતિનિધિઓ (ડીરેક્ટર)ની ચૂંટણી સને.૨૦૨૫ ના વર્ષમાં થનાર છે. તો આ દુધ સંઘના બોર્ડ ઓફ ડીરેક્ટર્સની ચુંટણીમાં આપની મંડળીના પ્રતિનિધિ તરીકે નિમણુંક કરતો ઠરાવ જે નિયત નમુનામાં મંડળીને અલગથી રજી.એડીથી મોકલી આપવામાં આવશે તે મુજબનો અને વિગતો સંપુર્ણ ભરી અમરેલી જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.ને તા.૧૭/૦૪/૨૦૨૫ ના સાંજના ૫:૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા આથી જણાવવામાં આવે છે. નિયત તારીખ પછી આવેલ ઠરાવો સ્વીકારવામાં આવશે નહી જેની નોંધ લેશો.

તા.૧૦/૦૪/૨૦૨૫

**ડો. આર.એસ.પટેલ**
મેનેજીંગ ડીરેક્ટર
અમર ડેરી – અમરેલી

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
**82,000/-**
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૦/૦૪/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ
જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
**બાલમુકુંદ**
જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



## વર્ષ ૨૦૨૨ માં મોરારીબાપુએ સવા લાખનું દાન આપીને શરૂઆત થયા બાદ સંકલ્પ સાકાર થયો

# લાપાળિયામાં રૂા. ૧.૫૦ કરોડના ખર્ચે રામજી મંદિરનું નવનિર્માણ

**ત્રણ દિવસ ગામ ધુમાડા બંધ : પ્રતિષ્ઠા મહોત્સવમાં સૈંકડો લોકો ઉમટી પડશે : તડામાર તૈયારીનો ધમધમાટ**

**૩૦મીએ માયાભાઈ આહીર, કીર્તિદાન ગઢવી સહિત નામાંકિત કલાકારો લોકડાયરાની રમઝટ બોલાવશે**

**સુરત, અમદાવાદ સહિતના વિસ્તારમાં વસેલા ગામનાં સૈંકડો લોકો માદરે વતનમાં ઉમટી પડશે**

**સાંસદ, ધારાસભ્યો સહિતના ભાજપ, કોંગ્રેસનાં મહાનુભાવો અને મોરારીબાપુ સહિત સંતોની ઉપસ્થિતિ**

અમરેલી, તા. ૧૦

અમરેલીના લાપાળિયા ગામમાં રૂા. ૧.૫૦ કરોડના ખર્ચે ભવ્ય રામજી મંદિરનું નવનિર્માણ કરવામાં આવ્યું છે. જેનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે. સતત ત્રણ દિવસ સુધી ગામ ધુમાડા બંધનું આયોજન કરાયું છે અને અનેકવિધ ઉત્સવોની ભારે ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. જે માટે તડામાર તૈયારીઓનો ધમધમાટ ચાલી રહ્યો છે.



અમરેલીના લાપાળિયા ગામે ૨૦૨૨માં યોજાયેલી ધર્મસભામાં મોરારીબાપુએ ગામના જૂના રામજી મંદિરને જોઈને નવા મંદિરના નિર્માણ માટેની અપીલ કરી હતી. આ પછી ગામ સમસ્ત દ્વારા સુરત, અમદાવાદ સહિતના વિસ્તારમાં વસેલા ગામના દાતાના સહયોગથી રૂા. દોઢ કરોડના ખર્ચે અદ્યતન રામજી મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ મંદિરમાં ભગવાન રામ પરિવારની પૂનઃ પ્રાણ પ્રતિષ્ઠા માટે આગામી તા. ૨૯, ૩૦ એપ્રિલ અને ૧ મેના ત્રણ દિવસના પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રતિષ્ઠા મહોત્સવમાં ત્રણ દિવસ સુધી ગામ ધુમાડા બંધ રહેશે. વિધિ નરેશદાદા ત્રિવેદી અને વ્યાસપીઠ ભૂદેવો દ્વારા કરાશે. પ્રથમ દિવસે નગરયાત્રા નીકળશે અને રાત્રે રાસ ગરબાની રમઝટ જામશે. બીજા દિવસે વિષ્ણુયાગ અને લોકડાયરો તથા ત્રીજા દિવસે પ્રતિષ્ઠા સાથે પૂર્ણાહુતિ કરાશે.

આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય કૌશિક વેકરીયા, મંત્રી પરશોત્તમભાઈ રૂપાલા, ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, નારણભાઈ કાછડીયા, મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવીયા, અશ્વિનભાઈ સાવલીયા, બાવકુભાઈ ઉંઘાડ, વલ્લભભાઈ કાકડીયા, પુર્વ વિપક્ષી નેતા પરેશભાઈ ધાનાણી, વીરજીભાઈ ઠુંમર, પ્રતાપભાઈ દુધાત, અમરીશભાઈ ડેર, શરદભાઈ લાખાણી, પરેશભાઈ લાખાણી, પરશોત્તમભાઈ ગેવરીયા, દિનેશભાઈ ભુવા, પીએસઆઈ જાડેજા, ઉષાબેન વાઘેલા, તલાટી એમ.એચ. વાળા, જે.કે. પટેલ, તલસાણીયાભાઈ, વિપુલભાઈ માલાણી, મહેન્દ્રભાઈ પટેલ, સુષ્મિતભાઈ રોકડ, વિનુભાઈ ગેવરીયા, હિતેશભાઈ ખુંટ, ગીરીશભાઈ શ્યામ ગૃપ, રતનભાઈ મેવાડા, રાજુભાઈ મેવાડા, વૈષ્ણવ ગૌ સેવા પરિવાર સહિત ભાજપ અને કોંગ્રેસના નેતાઓ તેમજ મોરારીબાપુ અને સંતો–મહંતો ઉપસ્થિત રહેશે. સમસ્ત ગામ પરિવાર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

લાપાળિયા ગામમાં ૩૦મીએ ભવ્ય લોકડાયરાનું આયોજન રાત્રે ૯:૩૦ કલાકથી કરાયું છે. જેમાં માયાભાઈ આહીર, કિર્તીદાન ગઢવી, પુરૂષોત્તમપૂરી બાપુ, દિપકબાપુ હરિયાણી, સાગરબાપુ, વિનુભાઈ અગ્રાવત વગેરે ઉપસ્થિત રહીને લોકડાયરો તથા સંતવાણીની રમઝટ બોલાવશે.

આ કાર્યક્રમમાં સંતો, મહંતો, સર્વે મહા મંડલેશ્વર ૧૦૦૮ દુર્ગાદાસ બાપુ, મહામંડલેશ્વર ૧૦૦૮ જાનકીદાસ બાપુ, મહેશદાનબાપુ, દ્વારકેશલાલજી મહારાજ, પુરૂષોતમલાલજી મહારાજ, જીજ્ઞેશદાદા રાધેરાધે, મહંત લવજીબાપુ, ભકિતરામબાપુ માનવમંદિર સાવરકુંડલા, રાઘવાનંદ આશ્રમ કણકોટના મહંત જીતુબાપુ સહિતના સંતો–મહંતો ઉપસ્થિત રહીને આર્શિવચન પાઠવશે.

---

### જિલ્લા આરોગ્ય વિભાગની ઉમદા કામગીરી

## અમરેલી જિલ્લામાં ૭૩ જેટલી હેલ્થ ફેશેલિટીએ NQAS સર્ટિ. મેળવ્યુ

**રાષ્ટ્રીય ૨૨ હેલ્થ ફેશેલિટી સર્ટી પણ મેળવ્યા**

અમરેલી, તા. ૧૦

ગુજરાત અનોખી ગતિથી અને એક સાચી દિશામાં જયારે પ્રગતિ કરી રહ્યુ છે ત્યારે સમાજના છેવાડાના માનવીને આરોગ્યની સેવાઓ તમામ લોકોને પોષાય તેવી અને રાષ્ટ્રીય સ્તરના માપદંડ નેશનલ કવાલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ (NQAS) મુજબની ગુણવતા સભર સેવાઓ ઉપલબ્ધ થાય અને માળખાગત સુવિધાઓ તથા તમામ સેવાઓનો વ્યાપ વધે અને અનુકુળ, વિશ્વસનીય, સેવાકીય, સુરક્ષિત અને પ્રદુષણ મુકત વાતાવરણ મળે તે હેતુથી રાજયમાં NQAS શરૂ કરેલ છે.





ભારત સરકાર દ્વારા નેશનલ કવાલીટી એશ્યોન્સ સ્ટાન્ડર્ડ (NQAS) પ્રોગ્રામ અંતર્ગત ડીસેમ્બર–૨૦૨૫ સુધીમાં ૫૦ %થી વધુ NQAS Certificationની કામગીરી પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવાનુ લક્ષાંક આપવામાં આવેલ છે.

અમરેલી જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડયા અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષીના માર્ગદર્શન હેઠળ નેશનલ કવાલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ (NQAS)ના રાજય કક્ષાના કુલ ૭૩ જેટલી હેલ્થ ફેસેલીટીને સર્ટીફીકેટ મળેલ છે. અને રાષ્ટ્રીય કક્ષાના કુલ ૨૨ જેટલી હેલ્થ ફેસેલીટીને સર્ટીફીકેટ મળેલ છે. વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં ૫૦% લક્ષાંકની સામે અમરેલી જિલ્લાની કુલ ૨૬૪ હેલ્થ ફેસેલીટી સામે ૭૩ જેટલી હેલ્થ ફેસેલીટીએ NQAS સર્ટીફીકેટ મેળવેલ છે જે મુજબ અંદાજીત ૨૭% કામગીરી થયેલ છે અને વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં બાકી રહેલ કામગીરી પુરી કરીને ૫૦% કામગીરીના લક્ષાંક સુધી અમરેલી જિલ્લો પહોંચી જશે તેવુ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની યાદિમા જણાવે છે.

---

### તથાગત ચેરીટેબલ ટ્રસ્ટ અને આંબેડકર યુવક મંડળ દ્વારા

## વિઠલપુર ખંભાળીયા ખાતે ૧૪ એપ્રિલે ડો. બાબા સાહેબની જન્મ જયંતીની ઉજવણી

**અનેકવિધ કાર્યક્રમોનું કરાયુ આયોજન**

અમરેલી, તા. ૧૦, અમરેલી તાલુકાના વિઠલપુર (ખંભાળીયા) ગામે મહા માનવ ભારત રત્ન, મહિલાઓના મુકિત દાતા, બંધારણના રચિયતા એવા ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતિની ઉજવણી તથા ગત ચેરિટેબલ ટ્રસ્ટ તથા આંબેડકર યુવક મંડળ વિઠલપુર દ્વારા તા. ૧૪/૪/૨૫ના રોજ કરવામાં આવશે.

---

## સાવરકુંડલા ખાતે રઘુવંશીપરામાં શ્રીમદ્ ભાગવત્ સપ્તાહનો પ્રારંભ





સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલાના રઘુવંશી પરા ખોડીયાર નગર વિસ્તારમાં સમસ્ત રઘુવંશીપરાના ધર્મપ્રેમી લોકો દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ખૂબ જ ભવ્યાતિભવ્ય અને દિવ્ય કથાનું ધામધૂમથી શુભારંભ કરવામાં આવ્યો. આ પવિત્ર કાર્યકમની શરૂઆત રામજી મંદિર, રઘુવંશીપરાથી ભકિતના અનેરા ઉમંગ અને ઉત્સાહ સાથે પોથીયાત્રા દ્વારા થઈ, જે કથાના સ્થળે પહોચી. આ ઉપલક્ષ્યે કથાના મુખ્ય યજમાન વિઠલભાઈ નાગજીભાઈ ચોંડીગળા અને તેમના પરિવારે ભાગવત ભગવાનની પોથીજીનું શ્રદ્ધાપૂર્વક પૂજન કર્યુ. ત્યારબાદ વ્યાસપીઠ પર બિરાજેલા પ્રસિદ્ધ વકતા સુરાબાપુની જગ્યાના મહંત જ્ઞાનશ્વરીદાજી (બહેન)એ પોતાના મધુર કંઠે અને સંગીતમય શૈલીમાં શ્રીમદ્ ભાગવત કથાનો ભવ્ય શુભારંભ કરાવ્યો. આ સાત દિવસ ચાલનારા આધ્યાત્મિક મહોત્સવમાં ભકતોને જ્ઞાન, ભકિત અને આનંદની અમૂલ્ય ભેટ મળશે. મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓએ આ પવિત્ર અવસરની ઉજવણીમાં ભાગ લઈને ધન્યતા અનુભવી.

કથા શુભ સ્થળ પિનાકભાઈ ડીશ વાળાના ઘર પાસે રઘુવંશીપરા સાવરકુંડલા, આયોજકો દ્વારા જાહેર જનતાને કથાનું રસપાન કરવા ભાવપૂર્વક નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

''અમરેલી એક્સપ્રેસ''
**અમારૂ ઇ–મેઇલ એડ્રેસ**
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

---


### સ્વચ્છતા અભિયાનનાં માહોલમાં

## જાફરાબાદની સુપર માર્કેટમાં ખડકાયેલ ગંદકીને દુર કરો

**પાલિકાનાં શાસકો યોગ્ય કરે તેવી માંગ**

જાફરાબાદ, તા. ૧૦

જાફરાબાદ ખાતે આવેલ સુપર માર્કેટની બાજુમાં ખડકાયેલો ઉકરડો દિનપ્રતિદિન વધી રહ્યો હોવાથી તે ખડકાયેલા ઉકરડો રોડ રસ્તા ઉપર તે ઉકરડામાં ના નાખવામાં આવતા પ્લાસ્ટિક રોડ ઉપર ઉડી ઉડીને ભરચક્ક વિસ્તારમાં પથરાયેલ રહ્યા છે. પરંતુ પાલિકામાં ચુંટાયેલા સભ્યના ધ્યાન ઉપર કયારે આવશે.?? અગાઉ સ્વચ્છતા હી સેવા અભિયાનની રેલી કાઢી સેલ્ફીઓ પડવામાં આવી હતી પરંતુ વાસ્તવિકતા કહી અલગ છે. જાફરાબાદના અનેક વિસ્તારોમાં આવા ઉકરડાઓ ખદબદી રહ્યા છે. પરંતુ પાલિકા દ્વારા ફોટા સેકશન કરવી ઉપલા અધિકારીઓને ઉંધા ચશ્મા પહેરાવી દેવામાં આવે છે. પરંતુ જમીની કામગીરી ખરેખર કરવામાં આવતી નથી હાલમાં રાજય સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન જોરજોરથી ચલાવવામાં આવી રહ્યું છે. પરંતુ જાફરાબાદ નગરપાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન કાગળ ઉપર ચાલતી હોય તેવો અહીંના દુકાનદારો તથા રહીશોમાંથી ચચોઈ રહ્યું છે. આ સુપર માર્કેટમાં ખડકાયેલા ઉકરડાની સાવ નજીક અહીં પાલિકામાંથી ચુંટાયેલા આ વિસ્તારના સભ્યનું પણ મકાન આ ખડકાયેલા ઉકરડાની સાવ નજીક આવેલ હોય પરંતુ આ ઉકરડો આમ જનતાના પાટું નીચેથી પસાર થતો હોય તો પાલિકાના ચુંટાયેલા સભ્યના ધ્યાન ઉપર કયારે આવશે.?? આવી ગંદકી પોતાના નજર સામે જ હોય અને પોતે કોઈ પણ જાતની સાફસફાઈની કાર્યવાહી કે ખડકાયેલા ઉકરડાને દુર કરવાની પ્રાથમિક ફરજ પણ નિભાવી ન શકતા હોય અને તસ્દી લેવામાં આવતી ન હોય આ વિસ્તારમાં લોકોને પડતી હાલાકી બાબતે ધ્યાન દેવાને બદલે નિંદ્રાધીન બન્યા હોય તે આ ખડકાયેલા ઉકરડાની તસ્વીર જોઈને જ લાગી રહ્યું છે. અહીં બાજુમાં જ સરકારી પ્રાથમિક સાગર શાળા આવેલી છે. તેની બાજુમાં શાકમાર્કેટ પણ આવેલી છે. અહીં દરરોજ મહિલાઓ તથા બાળકોની મોટી માત્રામાં અવરજવર રહેતી હોય આ ખડકાયેલા ઉકરડાનો લીલો સુકો કચરો રોડ ઉપર આવવાથી અને બદબૂદાર પાણી રોડ ઉપર ચડતાં આ પાણીમાંથી બાળકો તથા મહિલાઓ ચાલવા મજબુર અહીંના દુકાનદારો તથા મકાન માલિકો આ ખદબદતી ગંદકીના લીધે ત્રાહિમામ પોકારી ઉઠયા છે. અહીં સાફસફાઈ માટે મૌખિક રીતે રજૂઆતો પરંતુ પાલિકાના બહેરાના કાને અવાજ પહોંચતો નથી અને સભ્ય ધ્યાન આપતા નથી અહીં ખડકાયેલા ઉકરડાના લીધે અવારનવાર માલઢોર યુધ્ધે પણ ચડતાં હોય અને સવારના સમયે મહિલાઓ તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં અવરજવર હોય અને સાવ સાંકડી ગલીમાંથી પસાર થતા લોકો આ માલઢોર યુધ્ધે ચડે ત્યારે રાહદારીઓ અને દુકાનદારોમાં ભાગદોડ મચી જાય છે. અહીં ખડકાયેલા ઉકરડાના લીધે કોઈ રોગચાળો વકર્યો તો જવાબદાર કોન આ ખદબદતા ઉકરડાના લીધે મચ્છરોનો તથા માખીનો ઉપદ્રવ વધી રહ્યો છે. આ ઉકરડાની બાજુમાં મીઠાઈની દુકાનો પણ આવેલ હોય આ ગંદકીના લીધે અને માખીઓના લીધે કોઈ બીમારી કે કોઈ રોગચાળો ફેલાય તે પહેલાં ડીડીટીનો તથા માખીની દવાઓનો છંટકાવ કરવામાં આવે તથા અહીં ખડકાયેલા ઉકરડાને જે.સી.બી. દ્વારા ટ્રેકટરો ભરી સાવ સાફસફાઈ કરવામાં માટે આ વોર્ડમાંથી ચુંટાયેલા સભ્ય ધ્યાન ઉપર લઈ તાત્કાલિક ધોરણે કામગીરી હાથ ધરવામાં આવશે.?? તેવી અહીંના નાગરિકો દ્વારા માંગ ઉઠી છે. અને ખરા અર્થમાં સ્વચ્છતા હી સેવા અભિયાન હાથ ધરવામાં આવે અને જમીનથી કચરો ઉપાડવામાં આવે તેવી કામગીરી જાફરાબાદ નગરપાલિકા દ્વારા ધી ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એકટ વિથ રૂલ્સ એન્ડ નોટીફિકેશન્સમાં આપેલ અધિકારો મુજબ કામગીરી કયારે તથા ચુંટાયેલા સભ્ય દ્વારા કરવામાં આવે રોડ ઉપરથી કચરો એકઠો કરીને દેખાવો બંધ કરી સાવ ઉકરડો ઉપાડી સ્વચ્છતા હી સેવા અભિયાન હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.



---

# અમરેલીમાં અમર ડેરી ખાતે ઈફકોનાં બોર્ડ ઓફ ડિરેકટર્સનું કાઠીયાવાડી પરંપરા સાથે સ્વાગત









અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અમર ડેરી ખાતે રામનવમીનાં પાવન દિવસે ઈફકો ચેરમેન દિલીપભાઈ સંઘાણી અને ઈફકો બોર્ડ મેમ્બર વિજય શંકર રાય, પ્રહલાદસિંહ, પ્રેમચંદ્રા મુનશી, ઉમેશભાઈ ત્રિપાઠી, જગદીપસિંહ નકાઈ, ભાવેશ રાદડીયા, બાલ્મિકી ત્રિપાઠી, ડો. વર્ષા એલ. કસ્તુરકર, રામનિવાસ ગ્રહવાલ, રીશીરાજ સિંહ, વિવેક કોલ્હે, એસ. શકિતવેલ, એ.કે.ગુપ્તા, કે.જે. પટેલ, અજય મિશ્રા, જી.જે. ગૌતમ, સંતોષકુમાર શુકલા, અંતેશકુમાર, આર.એસ.અસ્વાલ સહિતનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અમર ડેરીનાં ચેરમેન અશ્વીનભાઈ સાવલીયાનાં માર્ગદર્શન તળે ડો. આર.એસ. પટેલે મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરીને અમર ડેરી વિશેની વિસ્તૃત માહિતી આપીને સંબોધીત કર્યા હતા, તેમજ ઈફકોનાં બોર્ડ ઓફ ડિરેકટર્સએ દુધ પ્રોસેસીંગ પ્લાન્ટ, આઈ.વી.એફ પ્રોજેકટ, હની ફાર્મ અને ટેનિંગ સેન્ટરની વિઝીટ કરીને ખુબ પ્રભાવિત થયા હતા, વધુમાં તેઓએ જણાવેલ કે અમોનાં રાજયમાં બોર્ડને રજુ કરીશુ કે ખેડૂત પશુપાલકો સહકારી ધોરણે ઉતમ વ્યવસ્થા જોવા માટે અમર ડેરી અમરેલી ખાતે વિઝીટ કરવી જોઈએ. આ કાર્યક્રમ અમર ડેરી ખાતે કાઠીયાવાડી રીતભાતથી સાંજના સમયે ઢોલીયા પાથરીને બેઠક ગોઠવવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા સહકારી સંઘનાં ચેરમેન મનિષભાઈ સંઘાણી, અમરેલી જીલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયતીભાઈ પાનસુરીયા, અમર ડેરીનાં વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, અમરેલી તાલુકા ખેતી બેંકનાં ચેરમેન ધીરૂભાઈ વાળા, અમરેલી જીલ્લા બેંકનાં વાઈસ ચેરમેન અરૂણભાઈ પટેલ, અમર ડેરીના ડિરેકટરઓ, જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકનાં સી.ઈ.ઓ. બી.એસ. કોઠીયા, અમર ડેરીનાં જનરલ મેનેજર ધાર્મિકભાઈ રામાણી સહિત સંઘનાં અધિકારી ગણની ઉપસ્થિતિમાં યોજાયો હતો. તેમ અમર ડેરીની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રાન્ટની રકમ ૧.૫૦ કરોડમાં કર્યો વધારો

# અમરેલી જિલ્લાનાં ધારાસભ્યને વાર્ષિક ૨.૫૦ કરોડની ગ્રાન્ટ મળશે

**જિલ્લાનાં કુલ પાંચ ધારાસભ્યોને પાંચ વર્ષમાં હવે રૂપિયા ૬૨.૫૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ મળશે**

**સાંસદને વાર્ષિક પાંચ કરોડ મળી પાંચ વર્ષમાં રૂપિયા ૨૫ કરોડની ગ્રાન્ટ મળી રહી છે**

**જિલ્લાનાં પાંચ ધારાસભ્યો અને એક સાંસદને કુલ ૮૭.૫૦ કરોડની ગ્રાન્ટ મળશે**

**જનપ્રતિનિધિઓ ગ્રાન્ટનો પુરેપુરો ઉપયોગ કરે તો અનેક સમસ્યાનું નિરાકરણ થઈ શકે**

અમરેલી, તા. ૧૦

તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજયનાં ધારાસભ્યોને દર વર્ષે મળતી રૂપિયા ૧.૫૦ કરોડની વિકાસલક્ષી ગ્રાન્ટમાં ૧ કરોડનો વધારો કરીને રૂપિયા ૨.૫૦ કરોડ કરી હોય. જે અંતર્ગત અમરેલી જિલ્લાનાં ધારાસભ્યોને મળતી ગ્રાન્ટમાં પાંચ કરોડનો વધારો થયો છે.

અમરેલી જિલ્લામાં પાંચ ધારાસભ્યોને દર વર્ષે ૧૨.૫૦ કરોડ અને પાંચ વર્ષનાં કાર્યકાળમાં ૬૨.૫૦ કરોડ અને સાંસદને પાંચ વર્ષમાં ૨૫ કરોડ મળી કુલ રૂપિયા ૮૭.૫૦ કરોડની વિકાસલક્ષી ગ્રાન્ટ ધારાસભ્યો અને સાંસદને મળશે. જો તેનો સદઉપયોગ થાય તો આગામી પાંચ વર્ષમાં અનેક સમસ્યાઓનું નિરાકરણ થઈ શકે તેમ છે.

### જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની ઉપસ્થિતિમાં

## બાબરા ખાતે જ્ઞાનશકિત પરીક્ષામાં ઉર્તિણ થયેલ વિદ્યાર્થીઓનાં વાલીઓની બેઠક યોજાઈ

**વાલીઓને પુરતુ માર્ગદર્શન આપવામાં આવ્યું**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૦

બાબરામાં સીઈટી જ્ઞાન શકિત પરીક્ષાથોડા સમય પહેલા યોજાય હતી જેમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં પાસ થયા હતા. ત્યારે તેમના વાલીઓને આગળ અભ્યાસ અર્થ માર્ગદર્શન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકામાં પાસ થયેલા વિદ્યાર્થીઓના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વાલીઓના આ બેઠકમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કે.વી. મિયાણી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી એસ.એ. કોટડીયા, તાલુકા કેળવણી નિરીક્ષક બી.વી. દોમડીયા, બી.આર.સી. નીતિનભાઈ સીઆરસી ટીમ આ મિટિંગમાં ઉપસ્થિત રહી વાલીઓને પુરતું માર્ગદર્શન આપ્યું હતું.

## બાબરાનાં તેરૈયા પરિવારનાં સુરાપુરા દાદાનાં મંદિરે યજ્ઞ યોજાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૦

બાબરામાં સમસ્ત તેરૈયા પરિવારના સુરાપુરા દાદા મુળુંદાદાના મંદિર લઘુરૂદ્ર યજ્ઞનું ભવ્ય આયોજન તેરૈયા પરિવાર દ્વારા મુળુંદાદાના સાનિધ્યમાં કરવામાં આવ્યું હતું જેમાં પરિવારના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી યજ્ઞ તેમજ મહાઆરતી અને પ્રસાદનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી.

### એસ.પી.ની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## બાબરાના આશરાનગરમાં જુગાર રમતા પાંચ પત્તાપ્રેમીઓની અટકાયત

**રૂપિયા ૧૫૬૯૦નો મુદ્દમાલ કબ્જે કરાયો**

અમરેલી, તા. ૧૦

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી.ટીમ ગઈકાલે બાબરા શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય, તે દરમિયાન મળેલ બાતમીના આધારે બાબરા ટાઉનમાં આવેલ આશરાનગરમાં જુગાર અંગે દરોડોકરીજાહેરમાંપૈસાથીહારજીતનો જુગાર રમતા બાબરા તાલુકાના ખીજડીયા ગામના રાવતભાઈ બોઘાભાઈ પીલુકીયા, પ્રકાશભાઈ બચુભાઈ આડેસરા, બાબરાગામેરહેતા જશવંતભાઈ જનકભાઈ પરમાર, અસ્લમભાઈ રજાકભાઈ શેખ તથા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

સમીરભાઈ ગમાભાઈ મહેતર સહિત પાંચઈસમોનેજુગારરમતારોકડરકમ રૂપિયા ૧૫,૬૯૦ તથા જુગારના સાહિત્યસાથેપકડીપાડી,તમામઈસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથામુદ્દામાલબાબરાપોલીસસ્ટેશનમાં સોંપીઆપેલછે.

### સમાજનાં હિતમાં કાર્ય કરતા હોય વિઘન સંતોષથી જોખમ હોવાથી

## ટીંબીનાં જાગૃત નાગરિક ઘનશ્યામભાઈ ભાલાળાએ જિલ્લા કલેકટર સમક્ષ માંગી સુરક્ષા

**પોતાના ઉપર હુમલો થવાની આશંકા દર્શાવી**

જાફરાબાદ, તા. ૧૦

જાફરાબાદ તાલુકા ટીંબી ગામના યુવા ખેડૂત પુત્ર જાગૃત અને સામાજિક કાર્યકર્તા એવા ઘનશ્યામભાઈ ભાલાળાએ આજે ટીંબી ગામમાં અનેક પ્રશ્નો સરકાર સમક્ષ ઉઠાવેલ હોય જેવા કે ખેડૂતોના વીજળી બાબતે ગૌચર જમીન દબાણ ગૌચરમાં માટી ચોરી માર્કેટિંગ યાર્ડના પ્રશ્નો જાહેર રોડ રસ્તાના પ્રશ્ન ખેડૂતો મજૂરો અને ગરીબ લોકોના અનેક વખત લેખિત મૌખિક સરકાર સમક્ષ રજૂઆતો કરી છે. કોઈપણ પક્ષપાત વગર લોકોની અને ખેડુતોની સેવા કરે છે. ખેડૂતોના વિમા તેમજ પાક ધોવાણ બાબતે અને ખાતર બાબતે અનેક વખત નિઃસ્વાર્થ ભાવે રજુઆતો કરીને બધા પ્રશ્નોનો હલ કરે છે. ત્યારે આજે તાજેતરમાં ટીંબી ગામનો જટિલ પ્રશ્ન અને જૂનો પ્રશ્ન ગૌચર દબાણ બાબતે ઘનશ્યામભાઈએ મોટી ઝુંબેશ ઉપાડતા સુરક્ષાની માંગણી કરી છે કારણ કે આવા સેવાભાવી કામ કરવાવાળા લોકો ઘણા લોકોને આંખના કણાની જેમ ખૂંચે



છે. અને તેનો અવાજ દબાવવા પ્રયત્ન થઈ રહ્યા છે. ત્યારે તેમણે અગાઉ પોતાની ઉપર કે પોતાના પરિવાર ઉપર કોઈ હુમલો થાય અથવા ખોટી રીતે ફરિયાદ થાય કે પોતે અને પોતાના પરિવારની જાહેરમાં માનહાની થાય કે ખોટા કેસમાં ફસાવવામાં આવે તે પહેલા તેમણે અમરેલી જિલ્લા કલેકટર તેમજ મુખ્યમંત્રી અગ્ર સચિવ મામલતદાર તેમજ એસપી કચેરી અમરેલી અને નાગેશ્રી પોલીસ સ્ટેશનને પત્ર લખી તાત્કાલિક જાણ કરી અને પોતાની સુરક્ષાના સવાલો ઉઠાવ્યા છે. ઘનશ્યામભાઈ પોતે સામાજિક રીતે સરળ હોય અને આજદિન સુધી તેમણે કોઈપણ ગુનાહિત પ્રવૃતિ કરી નથી. અને તેમની ઉપર એક પણ ફરિયાદ કે કેશ નોંધાયેલ નથી તેમજ તેમણે પણ કોઈ લોકોની ખોટી રીતે હેરાન કરેલ જાણવા મળેલ નથી ત્યારે આ હળાહળ કળિયુગમાં આવા સામાજિક યુવાનો ગામના વિકાસ માટે અને ગરીબો માટે કામ કરતા હોય ત્યારે તેમનો અવાજ દબાતા જો સુરક્ષાનો સવાલ હોય તો ખેડૂતો મજૂરો ગરીબ લોકોનો અવાજ ગામડે ગામડેથી કોણ બનશે તેનો સવાલ આજે થઈ રહ્યો છે. તેવું અરજદાર ઘનશ્યામભાઈ ભાલાળા દ્વારા અખબારના માધ્યમથી જણાવ્યું છે.

## અમરેલી ખાતે મોઢ મહાજન વાડી ખાતે નેત્રયજ્ઞ યોજાયો



અમરેલી, તા. ૧૦

અમરેલી મોઢ મહાજન વાડી ખાતે તા. ૧૦/૪/૨૫ના રોજ અમરેલી મોઢ વણિક કોમ્યુનિટી પ્રોપર્ટી તથા પારેખ રણછોડદાસ દેવચંદ વિદ્યાર્થીગૃહ તેમજ સુદર્શન નેત્રાલય દ્વારા વિનામૂલ્યે નેત્ર નિદાન તથા નેત્ર આરોપણ કેમ્પ યોજાયો. જેનું સૌજન્ય જાગૃતિબેન જતીનભાઈ મહેતા સુરેન્દ્રનગર તથા સંજયભાઈ પી. પરીખનું રહ્યું હતું. આ કેમ્પમાં ૬૦ દર્દીઓ લાભ લીધેલ. જેમાં ૩૭ મોતીયા ૨ વેલ તેમજ ૪ ચશ્મા દર્દીઓ હતા આ કેમ્પનું ઉદઘાટન જ્ઞાતિ પ્રમુખ દિલીપભાઈ પરીખ, ડો. રવિભાઈ પરમાર, લાલ બહાદુરભાઈ ઉપસ્થિત રહેલ. ભવિષ્યમાં આગામી મહીનાના બીજા ગુરૂવારે યોજાશે. આ કેમ્પમાં ગુજરાત ભરમાંથી આવનારને ત્રણ દિવસ રહેવા જમવાની મફત વ્યવસ્થા કરી આપવામાં આવશે. જે મોઢ વણિક જ્ઞાતિના દર્દીઓ માટે વ્યવસ્થા કરી આપવામાં આવશે.

### સુરત મિત્ર મંડળ દ્વારા સેવાકાર્ય

## દામનગર : હનુમાન જયંતી નિમિત્તે પદયાત્રીઓ માટે અલ્પાહારની વ્યવસ્થા

**૧૧ એપ્રિલ રાત્રિથી ૧૨ એપ્રિલ સાંજ સુધી સેવાકાર્ય**

દામનગર, તા. ૧૦

દામનગર હનુમાન જયંતીના પાવન પર્વએ સુપ્રસિદ્ધ યાત્રાધામ ભુરખિયા હનુમાનજીના પદયાત્રી દર્શનાર્થીઓ માટે દામનગર – સુરત મિત્ર મંડળ આયોજિત અલ્પહાર સેવા સ્ટોલ ઉભા કરાશે.

કાંતિભાઈ નાનુભાઈ નારોલાની વાડી આગળ સુરત દામનગર મિત્ર મંડળ સેવા સ્ટોલના યુવાનો દ્વારા અબોલ જીવો માટે નિરણ પક્ષીઓ માટે ચણ પદયાત્રીઓ માટે પોરા રૂપ અલ્પાહાર વ્યવસ્થા કરાશે ગાય માતાની નીરણ અને પક્ષીઓની ચણ તથા યાત્રાળુઓ માટે પ્રસાદીનું આયોજન રાખેલ છે. તો ભાવિ ભકતોને પધારવા સંજયભાઈ જાડા દ્વારા અનુરોધ કરાયો છે યાત્રાળુઓ માટે પ્રસાદીનો પ્રારંભ શુક્રવાર, તા. ૧૧/૪/૨૫ના રોજ રાત્રે ૧૦:૩૦ કલાકથી શનિવાર, તા. ૧૨/૪/૨૫ના રોજ સાંજે ૪:૩૦ કલાક સુધી અવિરત સેવા અપાશે તેમ સુરત દામનગર મિત્ર મંડળની યાદીમાં જણાવ્યું છે.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઈન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫













### જીસીસીઆઈનો ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં મોટો ફાળો રહ્યો છે

# GCCIના વાર્ષિક ટ્રેડ એક્સ્પો GATE ૨૦૨૫નો શુભારંભ કેન્દ્રીય ગૃહમંત્રી-અમિત શાહે કરાવ્યો

## આ પ્રસંગે મુખ્યમંત્રીએ એક્સ્પોની મુલાકાત લઈને ટ્રેડ એક્ઝિબિશન નિહાળ્યું હતું ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂત પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા

અમદાવાદ,તા.૧૦

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહની વર્ચ્યુઅલ ઉપસ્થિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્સ્ટ્રી (જીસીસીઆઈ)ના વાર્ષિક ટ્રેડ એક્સ્પો 'GATE ૨૦૨૫'નો શુભારંભ કરાવ્યો હતો. 'GATE ૨૦૨૫'ના સોવેનિયરનું આ અવસરે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મુખ્યમંત્રીએ એક્સ્પોની મુલાકાત લઈને ટ્રેડ એક્ઝિબિશન નિહાળ્યું હતું. ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂત પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે વર્ચ્યુઅલ માધ્યમથી સંબોબોધન કરતા જણાવ્યું હતું કે કસ્તુરભાઈ શેઠ દ્વારા સ્પથાપાયેલી જીસીસીઆઈનો ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં મોટો ફાળો રહ્યો છે. છેલ્લાં ૭૫ વર્ષથી આ સંસ્થા વેપાર ઉદ્યોગોના વિકાસની સાથે સાથે જનતાના હિતો તથા કુદરતી આફતોમાં સતત કામગીરી કરીને પોતાનું યોગદાન આપી રહી છે.જીસીસીઆઈ તેની ૭૫થી ૧૦૦ વર્ષની યાત્રાનો રોડમેપ તૈયાર કરીને ગુજરાતના વિકાસ સાથે તેને સંરેખિત કરીને આગળ વધે એમ જણાવીને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ કહ્યું કે ટ્રેડિંગ ચેઈનમાં ડિજિટલાઈઝેશન, યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન, લઘુ અને મધ્યમ ઉદ્યોગોનું સ્ટાર્ટ અપ સાથે જોડાણ, પાયોનિયર ઈન્ડસ્ટ્રી સાથે આનુષાંગિક ઈન્ડસ્ટ્રીનો વિકાસ સહિતની બાબતો વિશે આવનારા સમયમાં જીસીસીઆઈ આધુનિક અભિગમ સાથે કામગીરી કરે તથા સરકાર અને ઉદ્યોગો વચ્ચેની મહત્વની કડી બને અને પોલિસી મેકિંગમાં પોતાનું યોગદાન આપે તે અપેક્ષિત છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે ટ્રેડથી ટેકનોલોજી, આઈટીથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને MSMEથી સ્ટાર્ટ અપ સુધીની દરેક ઈન્ડસ્ટ્રીને અનુરૂપ વાતાવરણ તથા જરૂરી સંસાધનોની ઉપલબ્ધતાના કારણે ગુજરાતે ઔદ્યોગિક વિકાસ નવી ઉંચાઈઓ પ્રાપ્ત કરી છે.દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈએ હંમેશા જીસીસીઆઈ અને ઉદ્યોગોને સાથે લઈને તેમના સૂચનોને પ્રાધાન્ય આપીને રાજ્યમાં સાનુકૂળ ઔદ્યોગિક વાતાવરણ સ્થાપેલું. તેમનું માનવું રહ્યું છે કે ઉદ્યોગો મજબૂત બને તો અર્થતંત્ર આપોઆપ મજબૂત બને છે, તેમની એવી વિચારધારાને ભૂપેન્દ્રભાઈ આજે સુપેરે આગળ ધપાવી રહ્યા છે તેનો આનંદ અમિતભાઈ શાહે વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રીએ ગુજરાત આજે ગ્લોબલ ઈકોનોમીનો ગેટ વે બન્યું છે એમ જણાવીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં દેશ અને રાજ્યની વિવિધ સીમાચિહ્નરૂપ ઉપલબ્ધિઓ અને સિદ્ધિઓ વર્ણવી હતી.ટ્રેડ એક્સ્પો 'GATE ૨૦૨૫'નો શુભારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સૌને મહાવીર જયંતીની શુભેચ્છાઓ પાઠવી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ કરીને અમૃત કાળમાંથી કર્તવ્ય કાળમાં પ્રવેશ કરી રહ્યો છે. જીસીસીઆઈ પણ તેની સ્થાપના ૭૫ વર્ષ પૂર્ણ કરીને અમૃતકાળમાં પ્રવેશી રહ્યું છે એ સુભગ સંયોગ છે તેમ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું.

આ ટ્રેડ એક્સ્પોની થીમ 'ગુજરાતનું વિઝન, ગ્લોબલ એમ્બિશન' એ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ભારતને ઈકોનોમિક અને ઈન્ડસ્ટ્રીયલ ગ્લોબલ લીડર બનાવવાના સંકલ્પને અનુરૂપ છે એમ જણાવીને મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈએ રાજ્યમાં વેપાર ઉદ્યોગોના વિકાસના સર્વગ્રાહી ઉદ્દેશ સાથે વાઈબ્રન્ટ ગુજરાત સમિટની શરૂઆત કરાવી હતી. જીસીસીઆઈ એ સમયથી જ સરકાર અને વેપાર-ઉદ્યોગો વચ્ચે સેતુરૂપ બની છે.સરકારની નીતિઓ, પોલિસી અને બજેટ સહિતની બાબતો વિશે ઉદ્યોગોને માહિતગાર કરવામાં તથા ઉદ્યોગોના પ્રશ્નો સરકારના ધ્યાને લાવીને રાજ્યમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ સ્થાપવામાં જીસીસીઆઈ હંમેશા કાર્યરત રહ્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું.વડાપ્રધાનના ત્રીજા કાર્યકાળમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યો છે એમ જણાવીને મુખ્યમંત્રીએ કહ્યું કે 'આત્મનિર્ભર ભારત' અને 'મેક ઇન ઈન્ડિયા' અભિયાનોથી મેન્યુફેક્ચરિંગ સેક્ટરને નવી ઊર્જા મળી છે. આજે વિશ્વભરની કંપનીઓ ભારતને ગ્લોબલ માર્કેટને બદલે મેન્યુફેક્ચરિંગ હબ તરીકે જુએ છે.મુખ્યમંત્રીએ ઉમેર્યું કે ઓટોમોબાઈલ્સ, મોબાઈલ મેન્યુફેક્ચરિંગ, મેડિકલ ઈકવિપમેન્ટ્સ અને ટોયઝ મેન્યુફેક્ચરિંગ સહિતના અનેકવિધ ક્ષેત્રોમાં તેમજ સેમિકન્ડક્ટર, ગ્રીન હાઈડ્રોજન, રિન્યુએબલ એનર્જી અને ગ્રીન એનર્જી જેવા નવીન ક્ષેત્રોમાં રોજગારી સર્જન દ્વારા આજે ગુજરાત અને ભારત ઝડપથી વિકાસ સાધી રહ્યા છે.

દેશની જીડીપીમાં ૮.૩ ટકા, કુલ નિકાસમાં ૩૧ ટકા અને રાષ્ટ્રીય ઔદ્યોગિક આઉટપુટમાં ૧૮ ટકાના ફાળા સાથે ગુજરાતનું યોગદાન મહત્વનું છે. વિવિધ ક્ષેત્રોને અનુરૂપ પોલિસી મેકીંગ અને પોલિસી ફ્રેમવર્ક દ્વારા દુનિયાના ઉદ્યોગો અને એફડીઆઈને આકર્ષવામાં પણ ગુજરાત સફળ રહ્યું તેમ તેમણે કહ્યું હતું. વધુમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે 'અર્નિંગ વેલ, લીવીંગ વેલ'ના મંત્ર સાથે વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત ૨૦૪૭ રોડ મેપ તૈયાર કરનારું ગુજરાત દેશનું પહેલું રાજ્ય છે. ૨૦૪૭ સુધીમાં રાજ્યની અર્થવ્યવસ્થા ૩.૫ ટ્રીલીયન ડોલર સુધી લઈ જવાનો આ રોડમેપનો લક્ષ્યાંક છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ મોટા ઉદ્યોગો સાથે જોડાણ થકી મેન્ટરશીપ કાર્યક્રમો શરૂ કરવાના વડાપ્રધાનશ્રીના વિચારને સાકાર કરવાની દિશામાં જીસીસીઆઈ લીડ લે તેવો અનુરોધ કરીને ઉપસ્થિત સૌને વડાપ્રધાન દ્વારા આપવામાં આવેલા નવ સંકલ્પો પ્રત્યે પોતાનું યોગદાન આપીને વિકસિત ભારતના નિર્માણમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો.આ પ્રસંગે ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાન અને રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં ઉદ્યોગ ધંધાના વિકાસ અર્થે વાઈબ્રન્ટ ગુજરાત સમિટની શરૂઆત કરાવી હતી. આજે આ સમિટ વટવૃક્ષ સમાન બની છે. જેના પરિણામે રાજ્યની નિકાસ અને ઉત્પાદન નોંધપાત્ર રીતે વધ્યા છે. દેશની જીડીપીમાં ગુજરાતનું યોગદાન નોંધપાત્ર બન્યું છે. આજે વિશ્વની ઘણી નામાંકિત કંપનીઓ રાજ્યમાં કામ કરી રહી છે. આજે દેશની અર્થવ્યવસ્થા વિશ્વમાં પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની છે.ઝાયડસ લાઈફસાયન્સિસ લિમિટેડના ચેરમેન અને પદ્મભૂષણ પંકજભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે જીસીસીઆઈની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે યોજાઈ રહેલો આ ટ્રેડ એક્સ્પો MSMEs, અન્ય વેપાર-ઉદ્યોગો તથા ઉદ્યોગ સાહસિકતા સાથે સંકળાયેલા લોકોને સાથે લાવીને એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડશે.જીસીસીઆઈના પ્રમુખ સંદીપભાઈ એન્જિનિયરે આ પ્રસંગે સ્વાગત સંબોધન કરતા સૌને આવકાર્યા હતા. તેમણે 'વિઝન ૨૦૪૭' અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાની દિશામાં જીસીસીઆઈની પ્રતિબદ્ધતા દર્શાવી હતી તથા સંસ્થાની વ્યૂહરચનાઓ, કામગીરી અને ટ્રેડ એક્સ્પો વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, 'વિઝન ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં ગુજરાત સાયન્સ સિટી ખાતે યોજાયેલા ત્રિદિવસીય ટ્રેડ એક્સ્પો ય્છ્ઈ ૨૦૨૫માં વેપાર ઉદ્યોગોમાં ઈનોવેશન, સસ્ટેનેબિલિટી અને આર્થિક વિકાસના ધ્યેયમંત્રને સાકાર કરતા વિવિધ ચર્ચાસત્રો, સંવાદો, નેટવર્કિંગ સેશન્સ સહિત ૩૦૦થી વધુ વેપાર ઉદ્યોગોને સમાવતું પ્રદર્શન યોજાશે. 'ગુજરાતનું વિઝન, ગ્લોબલ એમ્બિશન'ની થીમ સાથે યોજાયેલા આ ટ્રેડ એક્સ્પોમાં ૧૫,૦૦૦ થી વધુ મ્૨મ્ વિઝીટર્સ ભાગ લેનાર છે.

આ પ્રસંગે જીસીસીઆઈના ૭૫ વર્ષની સફરને દર્શાવતી ઓડિયો વિઝ્યુઅલ ફિલ્મનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું તથા આવનારા ટ્રેડ એક્સ્પો 'GATE ૨૦૨૬' અને અન્ય કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવી હતી.જીસીસીઆઈના ટ્રેડ એક્સ્પો 'ય્છ્ઈ ૨૦૨૫'ના શુભારંભ પ્રસંગે અમદાવાદના મેયર પ્રતિભા જૈન, શહેરના ધારાસભ્યો, જીસીસીઆઈના પૂર્વ પ્રમુખ અજયભાઈ પટેલ, જીસીસીઆઈના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ રાજેશ ગાંધી, ટોરેન્ટ ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર જીનલ મહેતા, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હોદ્દેદારો તથા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, જીસીસીઆઈના હોદ્દેદારો અને સભ્યો, વિવિધ કમિટીઓના પ્રમુખ તથા કમિટીના સભ્યો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### ભાજપના નેતાઓનો ગાડરિયો પ્રવાહ

# હર્ષ સંઘવી સહિતના ભાજપના નેતાઓએ ભાંગરો વાટ્યો

## મહાવીર જયંતીએ ભગવાન બુદ્ધનો ફોટો મૂકી શુભેચ્છાઓ પાઠવાઈ

અમદાવાદ,તા.૧૦

દેશભરમાં આજે (૧૦ એપ્રિલ)ના રોજ મહાવીર જયંતીની ઉજવણી થઈ રહી છે. દેશભરના નેતાઓ અને હસ્તીઓ X પર મહાવીર જયંતીની શુભેચ્છા પાઠવી રહ્યા છે.

ત્યારે ગૃહ મંત્રી હર્ષ સંઘવી, શિક્ષણ મંત્રી પ્રફૂલ પાનસેરિયા સહિત ભાજપના અનેક નેતાઓએ ભગવાન મહાવીરના બદલે ભગવાન બુદ્ધનો ફોટો મૂકીને શુભેચ્છા પાઠવીને ભાંગરો વાટ્યો હતો. સોશિયલ મીડિયામાં આ પોસ્ટ વાઈરલ થઈ જતા જૈન સમાજમાં ચર્ચા હતી કે, આઘાતજનક વાત છે કે આપણા નેતાઓને ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ વચ્ચેનો ભેદ પણ ખબર નથી. જો કે, આ ભાંગરો વાટ્યાનું ખબર પડતા કેટલાક નેતાઓએ ભગવાન મહાવીરનો ફોટો મૂકીને ભૂલ સુધારી લીધી હતી. મહાવીર જયંતી નિમિત્તે X પર બુદ્ધનો ફોટો મૂકીને શુભેચ્છા આપનારાની યાદી બહુ લાંબી છે. આ ભૂલ કરનારામાં જીતુ વાઘાણી, ભાવનગરના સાંસદ નીમુબેન બાભણિયા, અંકલેશ્વરના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ, મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ, ધોળકાના ધારાસભ્ય કિરિટસિંહ ડાભી, ખેરાલુના ધારાસભ્ય સરદારભાઈ ચૌધરી, ઉંઝાના ધારાસભ્ય કિર્તી પટેલ, જામનગર દક્ષિણના ધારાસભ્ય દિવ્યેશ અકબરી, છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા વગેરેનો સમાવેશ થાય છે. આ સિવાય મ્યુનિસિપલ કાઉન્સિલર હસમુખ પટેલ (સૈજપુર-બોઘા), ભાજપ સીએ સેલના સભ્ય નરેશ કેલ્લા, સુરત ભાજપના જનરલ સેક્રેટરી કિશોર બિન્દલ સહિતના ભાજપના સ્થાનિક આગેવાનોએ ગાડરિયા પ્રવાહની જેમ ખોટા ફોટો સાથે પોસ્ટ મૂકીને મહાવીર જયંતીની શુભેચ્છાઓ પાઠવી હતી. જો કે, હર્ષ સંઘવીએ X પર પોસ્ટ કર્યા બાદ થોડી વારમાં જ ભૂલ સુધારી દીધી હતી અને જૂનું ટ્વિટ ડીલિટ કરીને મહાવીરના ફોટા સાથે નવું ટ્વિટ કર્યું હતું. નોંધનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં નવમી એપ્રિલે આયોજિત કાર્યક્રમમાં નવકાર મંત્રનું મહત્ત્વ સમજાવતું ભાષણ આપ્યું હતું, પરંતુ ભાજપના નેતાઓને જ નવકાર મહા મંત્રનો મહિમા તો દૂર, ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ વચ્ચેનો ફરક પણ ખબર નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોઈ તહેવાર કે વિશેષ દિવસે X પર પોસ્ટ કરીને શુભેચ્છા પાઠવતા હોય છે. ત્યારે ભાજપના નેતાઓમાં ગાડરિયા પ્રવાહની જેમ સૌથી પહેલાં રિટ્વિટ કરવાની હોડ લાગી જાય છે. આ દરમિયાન ભાજપનો સાયબર સેલ પણ ધડાધડ શુભેચ્છા પાઠવવા લાગે છે. આમ, ભાજપના નેતાઓએ જોયા સમજયા વિના મહાવીર જયંતી નિમિત્તે સૌથી પહેલાં શુભેચ્છા પાઠવીને ગુડ લિસ્ટમાં રહેવાની લ્હાયમાં એકસાથે અનેકે ભાંગરો વાટતા જોવા જેવી થઈ છે.

### ગૃહિણી માટે સૌથી સારા સમાચાર

# સિંગતેલ અને કપાસિયા તેલના ડબ્બાના ભાવ ઘટ્યા

## સરકારે ટેકાના ભાવે મગફળી વેચવા કાઢી અને ખેડૂતો પાસે હજી ગત સિઝનની મગફળી સ્ટોક હોવાથી ભાવ ઘટ્યા છે

અમદાવાદ,તા.૧૦

એક તરફ મોંઘવારી વધી રહી છે, ઘરનો તમામ સામાન મોંઘો થઈ રહ્યો છે, ત્યારે હવે ગૃહિણી માટે સૌથી સારા સમાચાર આવી રહ્યા છે. હકીકતમાં જોઈએ તો એક તરફ મોંઘવારી વધી રહી છે બીજી તરફ સતત ઘણા સમયથી તેલના ભાવમાં વધારો થઈ રહ્યો હતો. આ બધાની વચ્ચે હવે સમાચાર સામે આવ્યા છે કે, તેલના ભાવમાં ઘટાડો થયો છે. આ તરફ તેલના ભાવમાં ઘટાડાનું મુખ્ય કારણ છે કે સરકારે ટેકાના ભાવે મગફળી વેચવા કાઢી અને ખેડૂતો પાસે હજી ગત સિઝનની મગફળી સ્ટોક હોવાથી ભાવ ઘટ્યા છે.વધતી જતી મોંઘવારી વચ્ચે ખાદ્યતેલના ભાવમાં કડાકો થયો છે. સિંગતેલમાં રૂ.૫૦ અને કપાસિયા તેલના ભાવમાં રૂ. ૪૦નો ઘટાડો નોંધાયો છે. વિગતો મુજબ સિંગતેલના ૧૫ કિલો ડબ્બાનો ભાવ રૂ.૨૪૯૦ થયા છે જ્યારે કપાસિયા તેલના ૧૫ કિલો ડબ્બાનો ભાવ રૂ. ૨૨૨૦ છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે ડબ્બામાં રૂ. ૨૦૦નો ઘટાડો નોંધાયો છે.મહત્વનું છે કે, ગરમીને કારણે ખાદ્યતેલની ડિમાન્ડમાં ઘટાડો નોંધાયો છે. આ સાથે નવી મગફળીની બમ્પર આવક થતા ખાદ્યતેલના ભાવ ઘટ્યા છે. એક ચર્ચા મુજબ આગામી દિવસોમાં ખાદ્યતેલના ભાવ હજુ ઘટે તેવી શકયતા છે.

### ગુજરાતની પ્રગતિ સ્થગિત થઈ ગઈ છે

# ગુજરાતમાં ૩૦ વર્ષથી અમારી સરકાર ન હોવાથી રાજ્યની પ્રગતિ પર અંધારું છવાયું : કોંગ્રેસ

## કોંગ્રેસના ૧૪૦ વર્ષના ઈતિહાસમાં આ પહેલી વાર છે જ્યારે ગુજરાતને લગતો વિશેષ ઠરાવ પસાર થયો

અમદાવાદ,તા.૧૦

ગુજરાત સહિત દેશના ઘણાં રાજ્યોમાં અનેક દાયકાથી સત્તા પર આવી નહીં શકેલા કોંગ્રેસ પક્ષે કોંગ્રેસ પક્ષે Congress Party ગુજરાતમાં તેના રાષ્ટ્રીય અધિવેશન દરમિયાન રાજ્યને લગતો વિશેષ ઠરાવ કર્યો અને આશ્ચર્યજનક રીતે એ ઠરાવમાં એવું લખવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે કે, કોંગ્રેસ પક્ષ ૩૦ વર્ષથી ગુજરાતમાં સત્તા પર નહીં હોવાથી ગુજરાતની પ્રગતિ સ્થગિત થઈ ગઈ છે!

આઠ અને નવ એપ્રિલ દરમિયાન અમદાવાદ શહેરના સાબરમતી નદીના કિનારે યોજાયેલી અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ (એઆઈસીસી)ની ૮૬મી બેઠકમાં ગઈકાલે બુધવારે ગુજરાતને લગતો ખાસ ઠરાવ પસાર કરવામાં આવ્યો. કોંગ્રેસના ૧૪૦ વર્ષના ઈતિહાસમાં આ પહેલી વાર છે જ્યારે ગુજરાતને લગતો વિશેષ ઠરાવ પસાર થયો.

પ્રાપ્ત અહેવાલો મુજબ, આ ઠરાવમાં જણાવાયું છે કે ગુજરાતની આશાઓ અધૂરી રહી ગઈ છે અને કોંગ્રેસ ગુજરાતના વિકાસનું મુખ્ય કેન્દ્ર છે. ગુજરાતમાં સકારાત્મક ફેરફારો લાવવા, બંધારણીય હક્કો સુનિશ્ચિત કરવા અને સમાજના તમામ વંચિત વર્ગોનો ઉત્કર્ષ સાધવા માટે પક્ષ પ્રતિબદ્ધ છે. મળતી માહિતી મુદબ આ ઠરાવમાં એવું પણ કહેવાયું છે કે ટેક્નોલોજીની મદદથી આધુનિક અને વિકસિત ગુજરાત સહિત ભારતનું નિર્માણ થશે, સાથે જ રાજ્યના કૃષિ, ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રો તેમજ મહિલાઓના સશક્તિકરણ પર ધ્યાન આપવામાં આવશે. મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચારને દૂર કરવાનું કામ થશે.

મીડિયા અહેવાલ જણાવે છે કે, આ ઠરાવમાં એવો ઉલ્લેખ છે કે ગુજરાતે હંમેશા દેશના ઔદ્યોગિક વિકાસમાં આગેવાની લીધી છે, પરંતુ છેલ્લાં ૩૦ વર્ષથી રાજ્યમાં કોંગ્રેસની સરકાર ન હોવાથી પ્રગતિ પર અંધારું છવાઈ ગયું છે. ભ્રષ્ટાચારના કારણે નવા પુલ પણ તૂટી પડે છે. પેપર લીક, વધતી બેરોજગારી, ૪૦ ટકા બાળકોમાં કુપોષણ, ૫૫ ટકા મહિલાઓમાં લોહીની ઓછપ, મોંઘી શિક્ષણવ્યવસ્થા, હોસ્પિટલોમાં ડોક્ટરોની અછત, નાના અને મધ્યમ ઉદ્યોગોમાં મંદી જેવી સમસ્યાઓનો પણ ઉલ્લેખ કરાયો છે. પક્ષના આ ઠરાવમાં સ્પષ્ટ કરાયું છે કે કોંગ્રેસનો ઉદ્દેશ સત્તા હડપવી નથી, પરંતુ ગાંધી અને પટેલના વિચારો સાથે સેવાની ભાવના જાળવવાનો છે. દરેક કાર્યકર્તા લોકોની વચ્ચે જઈને સેવા કરશે. (અને જો) સરકાર બનશે તો બંધારણની કલમ ૧૪ હેઠળ સમાન ન્યાયના સિદ્ધાંત સાથે કામ થશે. આદિવાસીઓને જન-સંપત્તિ પર પૂરો અધિકાર મળશે અને પેસા કાયદાનો સંપૂર્ણ અમલ થશે.

કોંગ્રેસ પક્ષ દ્વારા પસાર કરવામાં આવેલા આ ઠરાવ પ્રમાણે સરકાર બનશે તો જાતિ આધારિત વસ્તી ગણતરી કરાશે. દલિતો, આદિવાસીઓ, પછાત વર્ગો, લઘુમતીઓ અને ગરીબોને સામાજિક ન્યાયનો હક મળશે. પશુપાલકોના ગૌચરોનું રક્ષણ થશે અને ગૌચરોની સંખ્યા વધારવામાં આવશે.

ઠરાવમાં જણાવાયું છે કે રાજ્યના યુવાનો માટે કાયમી રોજગારની ખાતરી આપવામાં આવશે. ફિક્સ પગાર, ઠેકા અને આઉટસોર્સિંગ દ્વારા થઈ રહેલું શોષણ બંધ થશે. રાજ્યને કુપોષણ અને નશામુક્ત બનાવાશે. ખેડૂતોને ન્યૂનતમ ટેકાના ભાવનો અધિકાર મળશે. નશીલા પદાર્થોની તસ્કરી સામે પગલાં લેવાશે. મહિલાઓની સુરક્ષા, સમાનતા અને આત્મનિર્ભરતા પર ભાર મૂકાશે. ઠરાવ અનુસાર, રાષ્ટ્રના વિકાસ માટે બંદરો અને ટ્રાન્સપોર્ટ કોરિડોરને મજબૂત કરાશે, જેથી રોજગારની તકો વધે. ઠરાવમાં આગળ જણવવામાં આવ્યું છે કે, દવાઓ, રસાયણો, કાપડ, સિરામિક્સ, પેટ્રોકેમિકલ્સ, ઓઈલ એન્જિન વગેરેના ઉત્પાદન ક્ષેત્રમાં અપાર સંભાવનાઓ ધરાવતા આ રાજ્યમાં ઓટોમોબાઈલ, કમ્પ્યૂટર, સેમિકન્ડક્ટર અને અન્ય ટેક્નોલોજી ક્ષેત્રોનો પણ વિકાસ થશે. દરેક જિલ્લામાં કૃષિ આધારિત ઉદ્યોગો સ્થાપવામાં આવશે. શિક્ષણ, પર્યટન અને આરોગ્ય સુવિધાઓના વિકાસ દ્વારા રાજ્યને આ તમામ ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રીય કેન્દ્ર બનાવવાના લક્ષ્ય સાથે કામ થશે.

### કેન્દ્ર સરકારની નિકાસકારોને ચેતવણી

# નિકાસકારોએ બીજા દેશનો માલ ભારત મારફત અમેરિકામાં નિકાસ કરવાની ભૂલ કરવી જોઈએ નહીં

## અમેરિકાએ ચીનમાંથી આયાત થતી પ્રોડક્ટ્સ પર કુલ ૧૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી જેથી ચીન નિકાસ માટે વૈકલ્પિક માર્કેટની શોધમાં છે

નવીદિલ્હી,તા.૧૦

કેન્દ્ર સરકારે ગઈકાલે બુધવારે દેશના નિકાસકારોને કડક ચેતવણી આપી છે. જેમાં તેમણે બીજા દેશનો માલ ભારતના માર્ગે અમેરિકા ન મોકલવા અપીલ કરી છે. જો આમ થયું તો તેના ખરાબ પરિણામો ભોગવવા તૈયાર રહેવા ચેતવણી આપી છે. અમેરિકા અને ચીન વચ્ચે વધી રહેલા ટ્રેડવૉરને ધ્યાનમાં લેતાં વાણિજ્ય મંત્રાલયે આ એલર્ટ જાહેર કર્યું હતું. તેમણે અમેરિકા સાથે ચાલી રહેલા વેપાર મંત્રણાઓને સુરક્ષિત રાખવા તેમજ સંભવિત જવાબી કાર્યવાહીથી બચવા માટે આ એલર્ટ આપ્યું હોવાનું જણાવ્યું છે.વાણિજ્ય મંત્રી પીયુષ ગોયલના નેતૃત્વ હેઠળ નિકાસકારો સાથે યોજાયેલી બેઠકમાં સરકારે વિશ્વાસ અપાવ્યો હતો કે, વિદેશી માલનું ડમ્પિંગ રોકવા માટે આયાત પર ખાસ દેખરેખ રાખવી પડશે. તેમજ નિકાસકારોએ બીજા દેશનો માલ ભારત મારફત અમેરિકામાં નિકાસ કરવાની ભૂલ કરવી જોઈએ નહીં. કારણકે, તેનાથી અમેરિકા નારાજ થઈ શકે છે. ભારત અને અમેરિકા વેપાર કરાર પર અસર થઈ શકે છે. આ એલર્ટ એવા સમયે આવ્યું છે કે, જ્યારે અમેરિકાએ ચીનમાંથી આયાત થતી પ્રોડક્ટ્સ પર કુલ ૧૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. જેથી ચીન નિકાસ માટે વૈકલ્પિક માર્કેટની શોધમાં છે. મીડિયા રિપોર્ટ અનુસાર, બેઠકમાં વાણિજ્ય મંત્રી ગોયલે નિકાસકારોને ડરવાના બદલે તકો પર ધ્યાન આપવા કહ્યું છે. તેમણે કહ્યું કે, ભારત અને અમેરિકા વચ્ચે પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરાર અંગે યોગ્ય સંતુલન બની રહ્યું છે. આ કરાર બંને દેશો વચ્ચે વેપાર સંબંધ ૧૯૧ અબજ ડોલરથી વધારી ૫૦૦ અબજ ડોલર કરવાનો લક્ષ્યાંક છે. જેનો પ્રથમ તબક્કો સપ્ટેમ્બર-ઓક્ટોબર સુધી પૂર્ણ થશે.નિકાસકારો દ્વારા માર્જિનમાં ઘટાડો અને વૈશ્વિક અસ્થિરતા મુદ્દે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. જેને ધ્યાનમાં લેતાં સરકાર સોફ્ટ લોનના વિકલ્પો પર વિચારણા કરી હોવાનું જણાવ્યું છે. યુરોપિયન સંઘ, યુકે અને અમેરિકા જેવા દેશોમાંથી થતી આયાત પર ગુણવત્તા નિયંત્રણ આદેશમાં અમુક રાહત મળવાની સંભાવના પણ વ્યક્ત કરી હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે, સરકારે સંકેત આપ્યા છે કે, જે દેશોમાંથી ગુણવત્તાની ફરિયાદો ઓછી છે. ત્યાંથી આયાતના નિયમોમાં રાહત મળશે.અમેરિકાએ હાલમાં જ એવા દેશો પર જવાબી ટેરિફ લાગુ કરવાનું શરૂ કર્યું છે, જે દેશો અયોગ્ય વેપાર કરી રહ્યા છે. ભારત પર અમેરિકાએ ૨૬ ટકા રેસિપ્રોકલ ટેરિફ લાદ્યું છે. જો ભારતીય નિકાસકાર અન્ય દેશનો માલ-સામાન અમેરિકા મોકલવા ભારતના રૂટનો ઉપયોગ કરે છે, તો અમેરિકા ભારત વિરૂદ્ધ કડક પગલાં લઈ શકે છે. તેનાથી વેપાર કરાર પર અસર થવા ઉપરાંત આર્થિક નુકસાન પણ થઈ શકે છે. વાણિજ્ય મંત્રાલયે નિકાસકારોને સંકેત આપ્યો છે કે, તેઓ નિકાસકારો સાથે નિયમિત સંવાદ જાળવી રાખશે. જેથી બદલતા વૈશ્વિક વેપારના પરિદ્રશ્યનું આંકલન કરી શકાય. તેમજ નિકાસકારોને વૈશ્વિક હરીફાઈમાં સક્ષમ બનાવવા માટે તૈયાર કરી શકાય તેવી સરકારનાં એક્સપોર્ટ પ્રમોશન મિશન પર વ્યાપક યોજના પર કામ થઈ રહ્યું છે.

### કેન્દ્રએ સુપ્રીમ કોર્ટમાં કેવિયેટ દાખલ કરી

# સુપ્રીમ કોર્ટ ૧૬ એપ્રિલે નવા વક્ફ કાયદાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરશે

## જસ્ટીસ સંજય કુમાર અને જસ્ટીસ કે.વી. વિશ્વનાથન અરજીઓની સુનાવણી કરતી બેન્ચમાં સામેલ થશે

નવીદિલ્હી,તા.૧૦

ભારતના ચીફ જસ્ટીસ સંજીવ ખન્નાની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની ત્રણ ન્યાયાધીશોની બેન્ચ ૧૬ એપ્રિલે વક્ફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ ની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરશે. આ અંગેની માહિતી સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર આપવામાં આવી છે. જે અનુસાર, જસ્ટીસ સંજય કુમાર અને જસ્ટીસ કે.વી. વિશ્વનાથન અરજીઓની સુનાવણી કરતી બેન્ચમાં સામેલ થશે.

કેન્દ્ર સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટમાં 'કેવિયેટ' દાખલ કરીને આ મામલે કોઈપણ આદેશ આપતા પહેલા સુનાવણીની વિનંતી કરી હતી. સુનાવણી વિના કોઈ પણ આદેશ પસાર ન થાય તે સુનિશ્ચિત કરવા માટે, પક્ષકાર દ્વારા હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં કેવિયેટ દાખલ કરવામાં આવે છે. આનો અર્થ એ થયો કે તેમને સાંભળ્યા વિના કોઈ પણ આદેશ પસાર ન કરવો જોઈએ.ભારતના ચીફ જસ્ટીસ સંજીવ ખન્નાની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની ત્રણ ન્યાયાધીશોની બેન્ચ ૧૬ એપ્રિલે વક્ફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ ની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરશે. આ અંગેની માહિતી સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર આપવામાં આવી છે. જે અનુસાર, જસ્ટીસ સંજય કુમાર અને જસ્ટીસ કે.વી. વિશ્વનાથન અરજીઓની સુનાવણી કરતી બેન્ચમાં સામેલ થશે.કેન્દ્ર સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટમાં 'કેવિયેટ' દાખલ કરીને આ મામલે કોઈપણ આદેશ આપતા પહેલા સુનાવણીની વિનંતી કરી હતી. સુનાવણી વિના કોઈ પણ આદેશ પસાર ન થાય તે સુનિશ્ચિત કરવા માટે, પક્ષકાર દ્વારા હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં કેવિયેટ દાખલ કરવામાં આવે છે. આનો અર્થ એ થયો કે તેમને સાંભળ્યા વિના કોઈ પણ આદેશ પસાર ન કરવો જોઈએ.

# ૫ બાળકોની માતાને ૪ બાળકોના પિતા સાથે થયો પ્રેમ

ઉત્તર પ્રદેશ,તા.૧૦

ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં, એક પરિણીત પુરુષ અને પરિણીત સ્ત્રી એવી રીતે પ્રેમમાં પડ્યા કે તેમણે તેમના પરિવારોને હચમચાવી નાખ્યા. હકીકતમાં, પરિણીત પ્રેમી ૪ બાળકોનો પિતા હતો જ્યારે પરિણીત પ્રેમિકા ૫ બાળકોની માતા હતી. બંને એકબીજાના પ્રેમમાં એટલા ડૂબી ગયા કે તેઓ પોતાના જીવનસાથી અને બાળકોને છોડીને ઘરેથી ભાગી ગયા. બંને પોતાના ૯ બાળકોને છોડીને ભાગી ગયા અને એકબીજા સાથે લગ્ન કરી લીધા. જ્યારે બંનેએ સોશિયલ મીડિયા પર પોતાના લગ્નના ફોટા પોસ્ટ કર્યા, ત્યારે મામલો પ્રકાશમાં આવ્યો.ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગર જિલ્લાના સદર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના મહારિયા ગામમાં, લગ્નેત્તર સંબંધ ધરાવતા એક યુગલે પોતાના જીવનસાથી અને કુલ નવ બાળકોને છોડીને ભાગીને લગ્ન કરી લીધા. બંને પરિવારોને ફેસબુક પોસ્ટ દ્વારા આ લગ્ન વિશે ખબર પડી ત્યારે ચોંકી ગયાં હતા.આ સમગ્ર મામલો સિદ્ધાર્થનગર પોલીસ સ્ટેશન વિસ્તારના મહારિયા ગામમાંથી પ્રકાશમાં આવ્યો છે. અહીં ૫ એપ્રિલના રોજ, ગીતા તેના ૫ બાળકો અને પતિને છોડીને ઘરેથી ગાયબ થઈ ગઈ. જતા સમયે, તે ઘરમાં રાખેલ બધું સોનું, ચાંદી અને પૈસા પણ લઈ ગઈ. ૩ દિવસ પછી પતિને ખબર પડી કે તેની પત્ની ગીતાએ તે જ ગામના ગોપાલ સાથે લગ્ન કર્યા છે. ગીતાના પતિ શ્રીચંદ્ર આ જોઈને ચોંકી ગયા. ગીતા અને શ્રીચંદ્રને ૫ બાળકો છે, જેમાંથી ૪ છોકરીઓ છે. મોટી દીકરી ૧૯ વર્ષની છે. હવે ગીતાના પતિ શ્રીચંદ્ર કહે છે કે તેમને ફક્ત ગુમ થયેલા ઘરેણાં અને પૈસા જોઈએ છે. હવે તેનો ગીતા સાથે કોઈ સંબંધ નથી. પોલીસે આ મામલે કોઈ કાર્યવાહી કરવી જોઈએ જેથી તેમને અને તેમના પરિવારને ન્યાય મળી શકે.ગોપાલ, જેની સાથે ગીતા ભાગી ગઈ છે, તે પણ ચાર બાળકોનો પિતા છે. ગોપાલની પત્ની તેના પતિના કૃત્યોથી ખૂબ જ આઘાત અને અસ્વસ્થ છે. પીડિતાની પત્ની હોસ્પિટલમાં સફાઈનું કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તે કહે છે કે છેલ્લા કેટલાક સમયથી ગોપાલ ઘર ખર્ચ માટે પૈસા આપતો ન હતો.

### જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં બબાલ

# AAP-BJPના ધારાસભ્યો વચ્ચે છુટ્ટા હાથની મારામારી

**બનેલી આ ઘટના બાદ AAPએ આક્રોષ વ્યક્ત કર્યો છે અને પાર્ટીના કાર્યકર્તાઓ રસ્તા ઉપર આવી દેખાવો કરી રહ્યા છે**

જમ્મુ,તા.૧૦

જમ્મુ-કાશ્મીરની વિધાનસભામાં ભાજપ અને આમ આદમી પાર્ટીના ધારાસભ્યો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ છુટ્ટા હાથની મારમારી થઈ છે. ગઈકાલે (૯ એપ્રિલ) બનેલી આ ઘટના બાદ AAPએ આક્રોષ વ્યક્ત કર્યો છે અને પાર્ટીના કાર્યકર્તાઓ રસ્તા ઉપર આવી દેખાવો કરી રહ્યા છે.ડોડા જિલ્લાના AAP ધારાસભ્ય મેહરાજ મલિકે દાવો કર્યે છે કે, જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં બુધવારે ભાજપના ધારાસભ્યોએ તેમની સાથે મારામારી કરી હતી. ત્યારબાદ મલિક અને તેમના સમર્થકો રસ્તા પર આવી ઉગ્ર પ્રદર્શનો કરી રહ્યા છે. મલિકે આક્ષેપ કર્યો છે કે, ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે જમ્મુમાં મોટાભાગની બેઠકો જીતી, જોકે ભાજપ ધારાસભ્યો જનતાની સેવા કરવાના બદેલ પોતાનું ઘર ભરી રહ્યા છે.તેમણે કહ્યું કે, 'હું જમ્મુનો એકમાત્ર ધારાસભ્ય છું અને હું પ્રજા સાથે જોડાયેલા મુદ્દાઓ વિધાનસભામાં ઉઠાવવા માંગતો હતો. તેમણે આક્ષેપ કર્યો છે કે, વિધાનસભામાં મને મુદ્દા ઉઠાવતા રોકવામાં આવ્યો અને મારી સાથે મારામારી પણ કરવામાં આવી.' તેમણે બુધવારે થયેલી મારામારીનો ઉલ્લેખ કરતા કહ્યું કે, 'હું વિધાનસભામાં PDPના ધારાસભ્યો સાથે ચર્ચા કરી રહ્યો હતો, જોકે આ દરમિયાન અચાનક ભાજપના ધારાસભ્યો આવ્યા અને મારી સાથે ઉગ્ર બોલાચાલી અને મારા મારી કરવા લાગ્યો. હું હંમેશા પ્રજાના મુદ્દાઓ ઉઠાવતો રહીશ, કોઈપણ વ્યક્તિ પ્રજાની અવાજને દબાવી શકતો નથી. મારમારીની ઘટના બાદ મલિક અને સમર્થકોએ પોસ્ટરો સાથે જોરદાર દેખાવો કર્યા હતા. આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ માંગ કરી છે કે, ભાજપ અને નેશનલ કોન્ફરન્સના ડીએનએની તપાસ કરવી જોઈએ. આપે ભાજપ-નેશનલ કોન્ફરન્સ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. જ્યારે પાર્ટીના કાર્યકર્તાઓ રસ્તા તરફ જઈ રહ્યા હતા, ત્યારે પોલીસની ટીમે તેમને અટકાવ્યા, જેના કારણે પોલીસ અને AAP ના કાર્યકર્તાઓ વચ્ચે ધક્કામુકી થઈ.

### ચીન પર ૧૨૫% ટેરિફ લાદ્યો

# ટ્રમ્પે ૯૦ દિવસ સુધી બધા દેશોને ટેરિફમાં રાહત આપી

**વૈશ્વિક બજાર પ્રત્યે ચીનના અનાદરને કારણે, હું ચીન પર ટેરિફ વધારીને ૧૨૫% કરી રહ્યો છું**

વોશિંગ્ટન,તા.૧૦

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બધા દેશો પર પારસ્પરિક ટેરિફ ૯૦ દિવસ માટે રોકી દીધા છે. તેમણે પોતાના નિર્ણયને પાછો ખેંચવા પાછળનું કારણ દેશો સાથે વેપાર પર નવી વાટાઘાટોનો ઉલ્લેખ કર્યો. ટ્રમ્પે બે દિવસ અગાઉ કહ્યું હતું કે જે પણ દેશ અમેરિકા સામે બદલો લેશે તેને તાત્કાલિક નવા અને ઘણા ઊંચા ટેરિફનો સામનો કરવો પડશે. જોકે, ટ્રમ્પે આ ટેરિફમાં ચીનનો સમાવેશ કર્યો નથી, પરંતુ ચીન પરનો ટેરિફ ૧૦૪% થી વધારીને ૧૨૫% કર્યો છે. ચીને ૮૪% ટેરિફ લાદ્યા બાદ ટ્રમ્પે આ કાર્યવાહી કરી હતી. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે બધા દેશો માટે ટેરિફ સ્તર ઘટાડીને ૧૦% કરવામાં આવશે, જે ઘણા દેશો માટે જરૂરી ઘટાડો હશે.વૈશ્વિક બજાર પ્રત્યે ચીનના અનાદરને કારણે, હું ચીન પર ટેરિફ વધારીને ૧૨૫% કરી રહ્યો છું. આ તાત્કાલિક અસરથી અમલમાં આવશે. આશા છે કે આવનારા સમયમાં ચીન સમજશે કે અમેરિકા અને અન્ય દેશોને લૂંટવાના દિવસો પૂરા થઈ ગયા છે.અમેરિકામાં ચીની વસ્તુઓ બમણાથી વધુ ભાવે વેચાશેયુરોપિયન યુનિયન એ બુધવારે ટ્રમ્પના ટેરિફના બદલામાં ઘણા યુએસ ઉત્પાદનો પર ૨૫% સુધીના ટેરિફને મંજૂરી આપી. આ દ્વારા EU અમેરિકા પર કરાર પર પહોંચવા માટે દબાણ લાવવા માંગતું હતું. તો બીજી તરફ ચીનના વાણિજ્ય મંત્રાલયે કહ્યું છે કે તેણે ૧૨ અમેરિકન કંપનીઓને નિકાસ નિયંત્રણ સૂચિમાં મૂકી છે. અગાઉ, ૬ કંપનીઓને 'અવિશ્વસનીય' ની યાદીમાં સામેલ કરવામાં આવી હતી.ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે જો ચીન અમેરિકા પર લાદવામાં આવેલ ૩૪% ટેરિફ પાછો નહીં ખેંચે, તો બુધવારથી તેને માર્ચમાં લાદવામાં આવેલા ૨૦% ટેરિફ અને ૨ એપ્રિલે ૩૪% ટેરિફ ઉપરાંત ૫૦% વધારાના ટેરિફનો સામનો કરવો પડશે. ત્યારબાદ ટ્રમ્પે મંગળવારે ચીન પર વધુ ૫૦% ટેરિફ લાદ્યો, જેનાથી કુલ ટેરિફ ૧૦૪% થઈ ગયો. જે બુધવારે વધારીને ૧૨૫% કરવામાં આવ્યું હતું.

ચીને કહ્યું હતું, જો વેપાર યુદ્ધ થાય તો અમે સંપૂર્ણપણે તૈયાર છીએ. ટ્રમ્પની આ ધમકી પર ચીને કહ્યું હતું કે અમેરિકા આપણા પર લાદવામાં આવેલા ટેરિફમાં વધુ વધારો કરવાની ધમકી આપીને એક પછી એક ભૂલો કરી રહ્યું છે. અમેરિકાનું બ્લેકમેઈલિંગ વલણ સામે આવી રહ્યું છે. ચીન આ ક્યારેય સ્વીકારશે નહીં. જો અમેરિકા પોતાની ઈચ્છા પ્રમાણે ચાલવાનો આગ્રહ રાખે છે, તો ચીન પણ અંત સુધી લડશે.ટ્રમ્પે મંગળવારે વ્હાઈટ હાઉસમાં કહ્યું, "ટેરિફની ટીકા કરનાર કોઈપણ વ્યક્તિ ઠગ અને છેતરપિંડી કરનાર છે." જ્યારે અમેરિકાએ ૯૦ હજાર ફેક્ટરીઓ ગુમાવી ત્યારે તેઓએ તેના વિશે વિચાર્યું ન હતું

### અમેરિકા અને ચીન વચ્ચેના વ્યાપાર યુદ્ધે એક નવો વળાંક લીધો

# ટ્રેડવોર વચ્ચે લવ લેટર ટ્રમ્પે શી જિનપિંગને ગણાવ્યા દુનિયાના સૌથી સ્માર્ટ

**આ વધતા તણાવ વચ્ચે અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના રાષ્ટ્ર પ્રમુખ શી જિનપિંગના વખાણ કરી લોકોને ચોંકાવી દીધા છે**

અમેરિકા,તા.૧૦

અમેરિકા અને ચીન વચ્ચેના વ્યાપાર યુદ્ધે એક નવો વળાંક લીધો છે. અમેરિકાએ ચીનની આયાત પર ૧૨૫% ટેક્સ લાદ્યો છે. વળી, ચીને અમેરિકન ઉત્પાદનો પર જવાબી કાર્યવાહી કરતાં ૮૪% ટેરિફ લગાવ્યો છે. આ વધતા તણાવ વચ્ચે અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના રાષ્ટ્ર પ્રમુખ શી જિનપિંગના વખાણ કરી લોકોને ચોંકાવી દીધા છે. ત્યારથી જ ચર્ચા શરૂ થઈ ગઈ છે કે, શું ચીનની જવાબી કાર્યવાહીથી ટ્રમ્પ બેકફૂટ પર આવી ગયા છે?

વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પે શી જિનપિંગને દુનિયાના સૌથી સમજદાર લોકોમાંથી એક જણાવ્યા. તેમણે કહ્યું કે, 'શી જિનપિંગ એક સ્માર્ટ વ્યક્તિ છે અને અમે એક ખૂબ જ સારો કરાર કરીશું. તે જાણે છે કે શું કરવાનું છે અને તે પોતાના દેશને ખૂબ પ્રેમ કરે છે.'

આ સાથે ટ્રમ્પે એવો પણ સંકેત આપ્યો કે, તે શી જિનપિંગ સાથે વાટાઘાટો માટે તૈયાર છે અને ચીન દ્વારા અમેરિકાનો ફાયદો નથી ઉઠાવવામાં આવતો. તેમણે કહ્યું કે, 'મને લાગે છે કે, અમેરિકામાં રોકાણ કરવું સૌથી શ્રેષ્ઠ રોકાણ હશે. કોઈપણ સમયે આપણને ચીનથી કૉલ આવી શકે છે અને વાટાઘાટો શરૂ થશે.'જોકે, ટ્રમ્પ પ્રશાસને ૯૦ દિવસ માટે તમામ દેશો પર લાગેલા જવાબી ટેરિફને સ્થગિત કરી દીધો છે પરંતુ, ચીનને તેનાથી બહાર રાખવામાં આવ્યું છે. ટ્રમ્પે ચીન પર વૈશ્વિક વ્યાપારના નિયમો પ્રતિ સન્માનની કમીનો આરોપ લગાવતા નિર્ણય લીધો હતો. ચીને જવાબી કાર્યવાહી કરતા અમેરિકાના ૮૪% ટેક્સનો જવાબી પ્રહાર કર્યો છે. ચીને કહ્યું કે, આ બ્લેકમેલિંગનું અન્ય એક ઉદાહણ છે. ચીની વાણિજ્ય મંત્રાલયે તીખા શબ્દોમાં કહ્યું, 'અમેરિકાનું આ પગલું પોતાની સૌથી મોટી ભૂલ છે. જો અમેરિકા પોતાના રસ્તા પર અડગ રહ્યું તો ચીન પણ છેલ્લે સુધી લડી લેશે.ટેરિફના આ તણાવની અસર વૈશ્વિક બજારો પર જોવા મળી હતી. અમેરિકા અને એશિયાના બજારોમાં પણ ભારે કડાકો નોંધાયો હતો, જેણે અનેક વર્ષોનો રેકોર્ડ તોડી દીધો હતો. જોકે, ૯૦ દિવસ ટેરિફ મુલતવી રાખવાની જાહેરાત બાદ બજારમાં રિકવરીના સંકેત મળ્યા છે. ચીને અમેરિકાના આરોપોને નકારતા કહ્યું કે, તે ટેરિફની ધમકીઓ સામે ઝૂકવાનું નથી અને અમને છેલ્લાં આઠ વષથી અમેરિકા સાથે વ્યાપાર તણાવનો અનુભવ છે. ચીને વાટાઘાટોની સંભાવનાનો ઈનકાર નથી કર્યો પરંતુ, એ સ્પષ્ટ કરી દીધું કે તે અમેરિકાના દબાણમાં નહીં આવે.

### બિહારની ચૂંટણી પૂર્વે ભાજપના દિગ્ગજની માગ

# નીતિશ કુમારને દેશના નાયબ વડાપ્રધાન બનાવો

**પૂર્વ કેન્દ્રીય મંત્રી અશ્વિની ચૌબેએ એક મોટી માગ કરતાં ભાજપને વિચારતો કરી દીધો છે**

બિહાર,તા.૧૦

બિહાર વિધાનસભા ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય નિવેદનબાજી વધતી જઈ રહી છે. આ દરમિયાન ભાજપથી નારાજ ચાલતા પાર્ટીના નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી અશ્વિની ચૌબેએ નીતિશ કુમાર અંગે એક મોટી માગ કરતાં ભાજપને વિચારતો કરી દીધો છે. તેમણે નીતિશ કુમારને કેન્દ્ર સરકારમાં મોટી જવાબદારી સોંપવાની માગ કરી છે. અશ્વિની ચૌબેએ કહ્યું કે દેશના પીએમ મોદી છે, બિહારમાં રામ-લક્ષ્મણની જોડી છે. નીતિશ કુમાર બિહારના મુખ્યમંત્રી છે અને તેમને હવે ૨૦ વર્ષ થઈ ચૂક્યા છે સીએમ તરીકે એટલે નીતિશ કુમારનો હોદ્દો હવે સીએમ કરતાં પણ મોટો થઈ ગયો છે. અશ્વિની ચૌબેએ કહ્યું કે નીતિશ કુમાર અને મોદીની જોડી દેશને દિશા આપી રહી છે. એનડીએનું લક્ષ્ય બિહારમાં ૨૦૨૫ની ચૂંટણી જીતવાનું છે અને મને લાગે છે કે બિહારની ઈચ્છા છે કે નીતિશ કુમારને દેશના ઉપ વડાપ્રધાન બનાવી દેવા જોઈએ. જેડીયુ નેતા અભિષેક ઝાએ પણ કહ્યું કે બધાને બોલવાની આઝાદી છે. અશ્વિની ચૌબેએ તેમના મનની વાત કરી છે પણ બિહારની પ્રજાને નીતિશ કુમારનો ચહેરો પસંદ છે. તેમણે બિહારના લોકોની સેવા કરી છે. બિહારની પ્રજા ફરી નીતિશ કુમારના ચહેરા પર વોટિંગ કરે અને બિહાર ચૂંટણીમાં એનડીએનું નેતૃત્વ નીતિશ કુમાર જ કરશે.

### લોકોને શાંતિ જાળવવા અને સોશિયલ મીડિયા પર અફવાઓ ન ફેલાવવા અપીલ કરાઈ

# મણિપુરમાં ફરી કર્ફ્યૂ, રાષ્ટ્રપતિ શાસન લાગુ થવા છતાં સ્થિતિ બેકાબૂ

**૧૮મી માર્ચે ચુરાચાંદપુરમાં જોમી અને હમારના સમર્થકો સામસામે આવી ગયા હતા, બે જૂથો વચ્ચે થયેલી અથડામણમાં એક વ્યક્તિનું મોત થયું હતું**

નવી દિલ્હી, તા.૧૦

મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થયા છતાં પરિસ્થિતિ કાબુમાં આવી રહી નથી. મણિપુરમાં ફરી એકવાર કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. ચુરાચાંદપુર જિલ્લામાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, ચુરાચાંદપુર અને કાંગવાઈ, સમુલામલન, સાંગાઈકોટ સબ-ડિવિઝનના બે ગામોમાં ૧૭મી એપ્રિલ સુધી સંપૂર્ણ કર્ફ્યુ નિયમો લાગુ રહેશે, પરંતુ બાકીના વિસ્તારોમાં, આવશ્યક ચીજવસ્તુઓ અને સેવાઓ માટે ૧૭મી એપ્રિલ સુધી સવારે ૬થી સાંજે ૫ વાગ્યા સુધી કર્ફ્યુમાં છૂટ આપવામાં આવશે.અહેવાલો અનુસાર, ૧૮મી માર્ચે ચુરાચાંદપુરમાં જોમી અને હમારના સમર્થકો સામસામે આવી ગયા હતા. બે જૂથો વચ્ચે થયેલી અથડામણમાં એક વ્યક્તિનું મોત થયું હતું. અનેક લોકો ઈજાગ્રસ્ત પણ થયા હતા. એક વ્યક્તિએ મોબાઈલ ટાવર પર ચઢીને જોમી ધ્વજ ઉતારી જમીન પર ફેંકી દીધો, જેના કારણે વિવાદ થયો.પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, બંને ગામના અધિકારીઓએ એક બેઠક બોલાવી હતી. આ બેઠકમાં કર્ફ્યુ લાદવાનો નિર્ણય લેવામાં આવ્યો. લોકોને શાંતિ જાળવવા અને સોશિયલ મીડિયા પર અફવાઓ ન ફેલાવવા અપીલ કરાઈ હતી. આ બેઠકમાં બીજો નિર્ણય લેવામાં આવ્યો કે બંને ગામો વચ્ચે જમીનના વિવાદનો ઉકેલ વાતચીત દ્વારા લાવવામાં આવશે.ઉલ્લેખનીય છે કે, મણિપુરમાં ફેબ્રુઆરી મહિનામાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હતું, કારણ કે મે ૨૦૨૩થી રાજ્યમાં કુકી અને મૈતેઈ સમુદાયો વચ્ચે વિવાદ ચાલી રહ્યો હતો, જેના કારણે હિંસામાં લગભગ ૨૫૦ લોકો માર્યા ગયા હતા. પથ્થરમારો, આગચંપી અને ગુનાહિત ઘટનાઓ બની હતી. હિંસા અને તણાવને કારણે બંને સમુદાયના હજારો લોકો વિસ્થાપિત થયા હતા.

### રેલવેએ કહ્યું- માંગણી સ્વીકારવી અસંભવ

# લોકો પાયલટ્સને જમવા અને ટોઇલેટ માટે બ્રેક આપવાનો ઈનકાર

**રેલવેએ હાઈ સ્પીડ ટ્રેનોની લિમિટ ૧૧૦ કિમી પ્રતિ કલાકથી વધારીને ૧૩૦ કિમી પ્રતિ કલાક કરી દીધી છે**

નવીદિલ્હી ,તા.૧૦

ઈન્ડિયન રેલવેએ લોકો પાયલટ્સની લાંબા સમયથી પડતર માગ ફગાવી દીધી છે, જેમાં ડ્યૂટી દરમિયાન જમવા અને ટોઈલેટ માટે બ્રેક આપવાની વાત કહી હતી. રેલવેએ તેના માટે એક હાઈ લેવલ કમિટી બનાવી હતી. આ કમિટીએ ભલામણ કરી કે, લોકો પાયલટ્સને લંચ અને ટોઈલેટ બ્રેક આપવા માટે નિયમો બનાવવા વ્યવહારીક રીતે સંભવ નથી.એક અહેવાલ પ્રમાણે રેલવે બોર્ડે આ કમિટીની ભલામણ પર સહમતિ આપી દીધી છે. આ નિર્ણય દેશરમાં વધતી જતી રેલવે દુર્ઘટનાઓ વચ્ચે લેવામાં આવ્યો છે, જેમાં મોટા ભાગે માનવીય ભૂલોને કારણ બતાવવામાં આવી રહી છે. રેલવેએ હાઈ સ્પીડ ટ્રેનોની લિમિટ ૧૧૦ કિમી પ્રતિ કલાકથી વધારીને ૧૩૦ કિમી પ્રતિ કલાક કરી દીધી છે. રેલવે બોર્ડના પાંચ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સ અને રેલવેની રિસર્ચ બ્રાન્ચ - રિસર્ચ ડિઝાઈન એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓર્ગેનાઈઝેશન ની મલ્ટી ડિસીપ્લિનરી કમિટીએ તેની ભલામણ કરી છે. કમિટીએ ૨૦૦ કિમી પ્રતિ કલાક કે તેથી વધુ અંતરે દોડતી મેઈનલાઈન ઈલેક્ટ્રિક મલ્ટીપલ યુનિટ ટ્રેનોમાં એક સહાયક લોકો પાયલટ તહેનાત કરવાની ભલામણ પણ કરી છે ઓલ ઈન્ડિયા લોકો રનિંગ સ્ટાફ એસોસિએશન એ રેલવે બોર્ડના આ નિર્ણયોની નિંદા કરી છે. એસોસિએશને આ ભલામણોને વાસ્તવિકતાથી દૂર અને પાયાવિહોણી ગણાવી છે. રેલવે બોર્ડના ચેરમેનને લખેલા પત્રમાં છૈન્ઈજીછના જનરલ સેક્રેટરી કેસી જેમ્સે કહ્યું કે, કમિટી લોકો પાયલટ્સના તણાવના વધતા સ્તરનું મૂલ્યાંકન કરવામાં નિષ્ફળ ગઈ છે. લોકોમોટિવમાં ટોઈલેટની સુવિધાના અભાવે નેચરલ કોલ માટે બ્રેક ન આપવાનો ઈનકાર અસ્વીકાર્ય છે.

આ ઉપરાંત રેલવેએ લોકો કેબિનમાં ક્રૂ વોઈસ અને વિડિયો રેકોર્ડિંગ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવાનો બચાવ કર્યો છે. તેમના દ્વારા કહેવામાં આવ્યું કે, આનાથી ગોપનીયતાનું ઉલ્લંઘન નહીં થશે. આ સુવિધાનો હેતુ ક્રૂ સભ્યોને કોઈપણ ઘટનાનું વિશ્લેષણ કરવામાં મદદ કરવાનો છે. રેલવે બોર્ડે તમામ ઝોનના જનરલ મેનેજરોને એક પત્ર જારી કરીને જણાવ્યું છે કે, આનાથી ક્રૂ (લોકો પાયલટ ગ્રુપ) પર કોઈ એડિશનલ વર્કલોડ નહીં પડે. આ ફક્ત ટ્રેનોના સલામત સંચાલનને સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવ્યું છે.

### હરિયાણા સરકારે આપી હતી ચોઈસ

# વિનેશ ફોગાટે સરકારી નોકરી છોડીને ૪ કરોડની કેશ પ્રાઈઝ પસંદ કરી

**તેમણે રાજકારણમાં પ્રવેશ કર્યો અને ૨૦૨૪ ની હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ તરફથી લડીને જુલાના બેઠક જીતી**

હરિયાણા,તા.૧૦

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ દરમિયાન ચર્ચામાં આવેલી ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગાટ વિશે એક મોટો ખુલાસો થયો છે. ઓલિમ્પિકમાંથી ડિસક્વોલિફિકેશનના વિવાદ પછી, વિનેશે કુસ્તીમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લઈને બધાને ચોંકાવી દીધા. ત્યારબાદ, તેમણે રાજકારણમાં પ્રવેશ કર્યો અને ૨૦૨૪ ની હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ તરફથી લડીને જુલાના બેઠક જીતી. તાજેતરમાં, હરિયાણા સરકારે તેમની સમક્ષ ત્રણ વિકલ્પો મૂક્યા હતા, હવે એક અપડેટ આવી છે કે વિનેશે એક વિકલ્પ પસંદ કર્યો છે. વિનેશ ફોગાટે ૪ કરોડ રૂપિયાના રોકડ પુરસ્કારનો વિકલ્પ પસંદ કર્યો છે.

આ સંદર્ભમાં, હરિયાણા સરકારના રમતગમત વિભાગને એક પત્ર મોકલવામાં આવ્યો છે, જેના પછી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

એક અહેવાલ મુજબ, જુલાના બેઠકના ધારાસભ્ય વિનેશ ફોગાટે ગયા મહિને બજેટ સત્રમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો. વિનેશે કહ્યું કે સરકારે તેના માટે ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ સમકક્ષ એવોર્ડની જાહેરાત કરી હતી, પરંતુ ૮ મહિના પછી પણ તેનું સન્માન કરવામાં આવ્યું નથી.વિનેશ ફોગાટની માંગ પર, હરિયાણાના સીએમ નાયબ સિંહ સૈનીએ જવાબ આપ્યો હતો કે વિનેશ હવે કોંગ્રેસની ધારાસભ્ય છે, તેમ છતાં તેમને સરકારી નોકરી, પ્લોટ અથવા ૪ કરોડ રૂપિયાના રોકડ ઈનામનો વિકલ્પ આપવામાં આવશે. અહેવાલના મતે, આના જવાબમાં, વિનેશ ૪ કરોડ રૂપિયાના રોકડ ઈનામ માટે સંમત થઈ ગઈ છે.વિનેશ ફોગાટે પોતાના વૈકલ્પિક નિર્ણય અંગે રમતગમત વિભાગને પત્ર મોકલ્યો છે. વિનેશ હવે ધારાસભ્ય હોવાથી, તેમણે સરકારી નોકરી પસંદ કરી ન હતી. તમને યાદ અપાવીએ કે વિનેશ ફોગાટને નિર્ધારિત વજન મર્યાદા કરતાં ૧૦૦ ગ્રામ વધુ વજન હોવાને કારણે ઓલિમ્પિકમાંથી ગેરલાયક ઠેરવવામાં આવી હતી.

### સમુદ્રમાં ભારતની તાકાત વધશે

# ભારત રૂ.૬૪,૦૦૦ કરોડના ખર્ચે ફ્રાન્સ પાસેથી ૨૬ મરીન જેટ રાફેલ ખરીદશે

**છેલ્લાં ઘણા વર્ષોમાં ભારત અને ફ્રાન્સ વચ્ચે સંરક્ષણ અને વ્યૂહાત્મક સંબંધોમાં સુધારો થયો છે**

મુંબઈ, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિ (CCS)એ ફ્રાન્સ સાથે 26 રાફેલ-મરીન ફાઈટર જેટની ખરીદી માટે લગભગ રૂ. 64,000 કરોડ (6.6 બિલિયન યુરો)ના મોટા સોદાને મંજૂરી આપી છે. આ વિમાનો સ્વદેશી વિમાનવાહક જહાજ INS વિક્રાંતના ડેક પરથી કાર્યરત થશે. ભારત અને ફ્રાન્સ વચ્ચે કરાર પર હસ્તાક્ષર થયાના લગભગ પાંચ વર્ષ પછી જેટની ડિલિવરી શરૂ થશે. આ મેગા ડીલ હેઠળ ભારતીય નૌકાદળને રાફેલ (મરીન) જેટના ઉત્પાદક, દસોલ્ટ એવિએશન પાસેથી વેપન સિસ્ટમ અને સ્પેરપાર્ટ્સ સહિત સંબંધિત સહાયક ઉપકરણો પણ મળશે.સૂત્રોએ જણાવ્યું હતું કે 22 સિંગલ-સીટ રાફેલ-એમ જેટ અને ચાર ડબલ-સીટ ટ્રેનર પ્લેન માટે આગામી થોડા દિવસોમાં કરાક કરવામાં આવશે. જેમાં શસ્ત્રો, સિમ્યુલેટર, ક્રૂ તાલીમ અને પાંચ વર્ષનો પ્રદર્શન-આધારિત લોજિસ્ટિક્સ સપોર્ટ શામેલ છે.ઉલ્લેખનીય છે કે, છેલ્લાં ઘણા વર્ષોમાં ભારત અને ળાન્સ વચ્ચે સંરક્ષણ અને વ્યૂહાત્મક સંબંધોમાં સુધારો થયો છે. જુલાઈ 2023માં ભારત અને ફ્રાન્સે જેટ અને હેલિકોપ્ટર એન્જિનના સંયુક્ત વિકાસ સહિત અનેક ક્રાંતિકારી સંરક્ષણ સહયોગ પ્રોજેક્ટ્સની જાહેરાત કરી હતી. બંને વ્યૂહાત્મક ભાગીદારોએ અન્ય દેશોના લાભ સહિત અદ્યતન સંરક્ષણ તકનીકોના સહ-વિકાસ અને સહ-ઉત્પાદનમાં સહયોગ કરવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી.સંરક્ષણ મંત્રાલયે લગભગ બે વર્ષ પહેલાં ભારતની નૌકાદળની શક્તિને વધુ મજબૂત બનાવવા માટે ત્રણ સ્કોર્પિન સબમરીન ખરીદવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી હતી. જોકે, CCSએ હજુ સુધી આ પ્રોજેક્ટને મંજૂરી આપી નથી. ભારતીય નૌકાદળના પ્રોજેક્ટ 75 હેઠળ ફ્રાન્સના નેવલ ગ્રુપના સહયોગથી માઝગોન ડોક લિમિટેડ (MDL) દ્વારા ભારતમાં છ સ્કોર્પિન સબમરીનનું નિર્માણ થઈ ચૂક્યું છે.કેન્દ્રીય મંત્રીમંડળે 025-2026 સમયગાળા માટે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (PMKSY)ની પેટા-યોજના તરીકે કમાન્ડ એરિયા ડેવલપમેન્ટ અને વોટર મેનેજમેન્ટ (M-CADWM)ના આધુનિકીકરણને મંજૂરી આપી હતી, જેનો પ્રારંભિક ખર્ચ રૂ. 1,600 કરોડ છે. આ યોજનાનો ઉદ્દેશ્ય સિંચાઈ પાણી પુરવઠા નેટવર્કના આધુનિકીકરણનો છે જેથી હાલની નહેરો અથવા અન્ય સ્રોતોમાંથી સિંચાઈનું પાણી નિયુક્ત ક્લસ્ટરમાં પૂરું પાડી શકાય. એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે, તે ખેડૂતો દ્વારા સ્થાપિત સ્રોતથી ખેતરોના દરવાજા સુધી, 1 હેક્ટર સુધી, ભૂગર્ભ દબાણયુક્ત પાઈપ સિંચાઈ સાથે સૂક્ષ્મ સિંચાઈ માટે મજબૂત બેક-એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવશે.

### ચીન સાથે ટ્રેડવોર વચ્ચે અમેરિકાનો દાવો

# ટેરિફ મુદ્દે વાત કરવામાં ભારત સૌથી આગળ

**ઘણા દેશો અમેરિકા સાથે ટેરિફ અને વેપાર મુદ્દે ચર્ચા કરવા તૈયાર હોવાનું પણ જણાવ્યું છે જેમાં ભારત અગ્રણી હોવાની પ્રશંસા પણ કરી હતી**

અમેરિકા,તા.૧૦

અમેરિકાએ ચીનની પ્રોડક્ટ્સ પર ૧૨૫ ટકા ટેરિફ લાદવાનો નિર્ણય લેવાની સાથે અન્ય દેશો પર લાગુ ટેરિફમાં ૯૦ દિવસની રાહત આપવાની જાહેરાત કરી છે. તેમજ ઘણા દેશો અમેરિકા સાથે ટેરિફ અને વેપાર મુદ્દે ચર્ચા કરવા તૈયાર હોવાનું પણ જણાવ્યું છે. જેમાં ભારત અગ્રણી હોવાની પ્રશંસા પણ કરી હતી.

અમેરિકાના નાણા મંત્રી સ્કોટ બેસેન્ટે બુધવારે (૯ એપ્રિલ) વ્હાઈટ હાઉસમાં એક પ્રેસ બ્રિફિંગ દરમિયાન જણાવ્યું હતું કે, ભારત એક એવો દેશ છે, જે અમારી સાથે ટેરિફ મુદ્દે વાત કરવા અગ્રેસર છે. જ્યારે બીજી તરફ ચીને અમેરિકાના ટેરિફ પર સામો ટેરિફ લાદતાં તેના પર ટેરિફની ટકાવારી વધારી ૧૨૫ ટકા કરવા નિર્ણય લીધો છે. કારણકે, ચીન વૈશ્વિક બજારમાં ખોટી રીતે બિઝનેસ કરે છે. ચીનની અર્થવ્યવસ્થા અસંતુલન પેદા કરી રહી છે. ટેરિફ માત્ર ચીન માટે નહીં, પણ એવા દેશો માટે છે, જે વેપાર નિયમોનું ઉલ્લંઘન કરે છે.નાણા મંત્રી સ્કોટ બેસેન્ટે ભાર મૂક્યો હતો કે, આ પ્રકારના પગલાંથી ચીન જેવા દેશો પર સૌનું ધ્યાન જશે, જે ગ્લોબલ ઈકોનોમીમાં અસંતુલન પેદા કરી રહ્યો છે. ટેરિફની જાહેરાતો વચ્ચે વેપાર મુદ્દે અમારી મુખ્ય વાતચીત ભારત, જાપાન અને સાઉથ કોરિયા સાથે થઈ રહી છે. આ તમામ ચીનના પાડોશી દેશ છે. અમારી સાથે ટેરિફ મુદ્દે વાત કરવા તૈયાર તમામ દેશોને અમે સમર્થન આપીએ છીએ, તેઓ પોતાનો પ્રસ્તાવ મૂકશે, અને અમે રિવોર્ડ પણ આપીશું. અમે તેમના માટે ટેરિફ ઘટાડી ૧૦ ટકા કરવા વિચારી રહ્યા છે.વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે, વિશ્વ ચીનની તરફ નહીં, પરંતુ અમેરિકા તરફ જોઈ રહ્યું છે. કારણકે, તેમને આપણા બજારની જરૂર છે. મીડિયાએ ધ આર્ટ ઓફ ધ ડીલ અર્થાત ડીલની કળાને નજરઅંદાજ કરી છે. પરંતુ વાસ્તવમાં વિશ્વના અન્ય દેશો ચીનથી દૂર અને અમેરિકાની નજીક આવી રહ્યા છે.

અમેરિકાએ ચીન પર પહેલાં ૩૫ ટકા ટેરિફ લાદ્યો હતો. જેનો જવાબ આપતાં ચીને અમેરિકા પર ૩૪ ટકા ટેરિફ મૂક્યો હતો. બાદમાં અમેરિકાએ ચીન પર ૧૦૪ ટકા ટેરિફ ફટકારતાં ચીને ૮૪ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. આ નિર્ણય બાદ અમેરિકાએ ચીન પર ૧૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. તેમજ બાકીના ૭૫ દેશો પર ટેરિફ ૯૦ દિવસ સુધી લાગુ ન કરવાનો નિર્ણય પણ જાહેર કર્યો હતો.

# તહવ્વુર રાણાને કસાબની જેમ બિરયાની કેમ? તાત્કાલિક ફાંસી આપો

મુંબઈ,તા.૧૦

૨૦૦૮ મુંબઈ આતંકવાદી હુમલાના હીરો તરીકે ઓળખાતા 'છોટુ ચાયવાલે' મહોમ્મદ તૌફીક ૨૬/૧૧ના આરોપી તહવ્વુર રાણાની ભારત પ્રત્યર્પણને લઈને ખુશી જાહેર કરી છે. જોકે, તેણે માંગ કરી કે, ગુનેગારને તુરંત ફાંસી આપી દેવી જોઈએ. આવા આતંકવાદીઓને જેલ, બિરયાની અને સુવિધા આપવાની જરૂર નથી. તૌફીક એ જ વ્યક્તિ છે જેની સતર્કતાથી ૨૦૦૮ના આતંકવાદી હુમલા દરમિયાન અનેક લોકોના જીવ બચાવી શકાયા હતાં. તૌફીકે જણાવ્યું કે, 'ભારતમાં તહવ્વુર રાણા માટે કોઈ સેલ, બિરયાની કે અજમલ કસાબ જેવી સુવિધા આપવાની જરૂરત નથી. આતંકવાદીઓ માટે અલગ કાયદા હોવા જોઈએ. જેનાથી ૨-૩ મહિનાની અંદર ફાંસીની સજા મળે.' અજમલ કસાબ એ જ પાકિસ્તાની આતંકવાદી હતો, જેને ૨૬/૧૧ મુંબઈ આતંકવાદી હુમલા દરમિયાન જીવતો પકડવામાં આવ્યો હતો. તેણે છત્રપતિ શિવાજી ટર્મિનસ, કામા હોસ્પિટલ, લિયોપોલ્ડ કાફે અને તાજ હોટેલ જેવી જગ્યાઓએ આતંક મચાવ્યો હતો. ૨૧ નવેમ્બર, ૨૦૧૨માં તેને પુણેની યરવદા જેલમાં ફાંસી આપવામાં આવી હતી. ૭ એપ્રિલે અમેરિકાની સુપ્રીમ કોર્ટે તહવ્વુર રાણાની એ અરજી નકારી દીધી હતી, જેમાં તેણે ભારત પ્રત્યર્પણ પર રોક લગાવવાની માંગ કરી હતી. ચીફ જસ્ટિસ રૉબર્ટ્સે ૨૦ માર્ચે કરવામાં આવેલી અરજીને સંપૂર્ણ રીતે નકારી દીધી હતી. તેનો અર્થ છે કે, હવે રાણાને ભારત લાવવાથી કોઈ નહીં રોકી શકે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ અનુસાર રાણાને મુંબઈ લાવીને પૂછપરછ અથવા કોઈ સ્થાનિક મામલે કસ્ટડીમાં લેવામાં આવશે કે નહીં તે હજુ નક્કી નથી. મુંબઈ પોલીસના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, હજુ સુધી તહવ્વુર રાણાની મુંબઈ ટ્રાન્સફરને લઈને કોઈ સત્તાવાર જાણકારી નથી મળી. જણાવી દઈએ કે, તહવ્વુર રાણા એક પાકિસ્તાની-કેનેડાનો નાગરિક છે, જેને અમેરિકામાં લશ્કર-એ-તૈયબાને સહયોગ આપવા અને મુંબઈ હુમલાનું કાવતરૂ સામેલ થવાના આરોપમાં ગુનેગાર સાબિત કરવામાં આવ્યા હતાં. ૨૦૦૮ ના આ હુમલામાં ૧૭૪થી વધારે લોકોના મોત થઈ ગયા છે.

# સાવરકુંડલા : એસ.સી., એસ.ટી., ઓબીસી, શૈક્ષણિક અને સામાજિક સમિતિની બેઠક મળી





સાવરકુંડલા ખાતે એસ. સી. ટી.ઓ.બી.સી. શૈક્ષણિક અને સામાજીક સમિતી બેઠક મળી હતી. ગત તારીખ ૨૯/૩/૨૦૨૫ના રોજ કાનજીબાપુ ઉપવન ખાતે શૈક્ષણિક શિબીર અને સામાજિક સંમેલન જે ભવ્ય સફળતા મળી હતી. હજારો લોકોએ શિબીરનો લાભ લીધો હતો. તેબદલ સમિતીના સભ્યો અભિનંદન કાર્યક્રમ અને આગામી સમયમાં શૈક્ષણિક જાગૃતિ માટે હર ઘર શિક્ષણનો કાર્યક્રમ કરવામાં આવશે. હકારત્મક કાર્યક્રમ આપી સમાજ જાગૃતિ કરવામાં આવશે. સરકારની યોજનાઓની છેવાડાના લોકો લાભ લઈ તેવા પણ કાર્યક્રમ કરવામાં આવશે. આગામી સમયમાં તાલુકા કક્ષા કાર્યક્રમ પણ કરવામાં આવશે. વધુ લોકોને સામાજિક અને શૈક્ષણિક જાગૃતિ કરવામાં આવશે. સમાજ દરેક વર્ગ લોકોને જોડવામા આવશે. વિદ્યાર્થીઓ માટે વિનામુલ્યે સ્પર્ધાત્મક કલાસીસ માટે પણ ચર્ચા કરવામાં આવી હતી. આગામી વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક માર્ગદર્શન વર્ગ આયોજન કરવામાં આવશે. સમાજ જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવશે તેવી સમિતી દ્વારા સભ્યો ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં કુંકાવાવ નાકા નજીક**

ગયાનો ફરિયાદમાં ઉલ્લેખ કરતા પોલીસે આરોપી પિતા–પુત્ર સામે ગુન્હો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

અમરેલીનાં કુંકાવાવ નાકા પાસે આવેલા જય ભગીરથ પેટ્રોલ પંપના રૂમમાં એક મહિલા ઉપર અવારનવાર બળાત્કાર ગુજાર્યો હોવાની પેટ્રોલ પંપના રમેશ ગોહિલ (રહે. સરદારનગર શેરી–૫, ચકકરગઢ રોડ, સાઈબાબાના મંદિર પાસે) સામે મહિલાએ બિલખા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. સાથે રમેશ ગોહિલના દીકરા વંશ ગોહિલ સામે પણ મદદગીરી સબબ આરોપી તરીકે જોડવામાં આવ્યો છે. આરોપી રમેશ સાથે મહિલા અગાઉથી કોન્ટેકમાં હતી, અને જેથી પરિચિત હોવાને નાતે મહિલાને આર્થિક જરૂરિયાત ઉભી થતા તેણે રમેશને વાત કરી હતી, ત્યારે રમેશે મહિલા પાસે રહેલું ૫૭૬ ગ્રામ સોના ઉપર ગોલ્ડ લોન કરાવી દેવાની લાલચ આપી અને સોનું મેળવી લીધું હતું. અને બાદમાં મહિલાને લોન ન કરાવી આપી.

જેથી મહિલા સોનું પરત મેળવવા આરોપીના પેટ્રોલ પંપે ગયેલા ત્યારે તેની સાથે બળજબરીથી બળાત્કાર ગુજાર્યો અને આવી ઘટના અવારનવાર કરી હતી. તા. ૨૮ ઓગસ્ટ ૨૦૨૪થી તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં મહિલા સાથે શારીરિક સંબંધ બાંધીને પેટ્રોલ પંપના સંચાલકે દુષ્કર્મ ગુજારતા મહિલાને અંતે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરીને પેટ્રોલ પંપના જે રૂમમાં દુષ્કર્મ કરેલું ત્યાં પંચનામું કરીને આરોપીને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

પાના ૮ ઉપરનું ચાલું **ભેરાઈ ચોકડી નજીક**

અને ટ્રકમાં બળી રહેલા બારદાન રોડ ઉપર નાખવાનાં ચાલુ કર્યા જેથી કરીને ટ્રક બચી જવા પામેલ પરંતુ આ ટ્રકમાં ભરેલ બારદાન નંગ ૧૦,૦૦૦ અંદાજિત કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦ જેટલા તમામ બારદાનો બળીને ખાખ થઈ ગયા ત્યારે આ ઘટનાની જાણ પોલીસને થતા પીપાવાવ મરીન પોલીસ ઘટના સ્થળે દોડી આવી આ ઘટના કેવી રીતે બની તે બાબતે મરીન પોલીસે તપાસ હાથ ધરી.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી પાલિકાની આગામી ચૂંટણીમાં**

છતાં સમસ્યા તો જૈસે થે જોવા મળી રહી છે. ભાજપનાં આગેવાનોએ ૪ વર્ષ પહેલા આપેલ મોટાભાગનાં વચનો પોકળ સાબિત થયા હોવાનો અનુભવ શહેરીજનો કરી રહ્યા છે.

પાલિકામાં કર્મચારીઓની અનેક જગ્યા ખાલી હોવાથી પણ સમસ્યા વિકરાળ બની રહી છે છતાં પાલિકામાં કાયમી ચીફ ઓફિસર સહિતનાં અધિકારીઓની જગ્યા ખાલી છે. પાલિકામાં અંદાજ મુજબ ૫૦ જેટલી મહત્વની જગ્યાઓ ખાલી અથવા તો ઈન્ચાર્જથી ચાલી રહી છે. આગામી એકાદ વર્ષમાં શહેરીજનોને પ્રાથમિક સુવિધા નહી મળે તો સત્તા પક્ષનાં આગેવાનોને ચૂંટણી પ્રચાર કરતી વેળા શહેરીજનોનાં આકરા પ્રશ્નોનો જવાબ આપવો મુશ્કેલ બની જશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

પાના ૮ ઉપરનું ચાલું **લાઠીનાં અકાળા રોડ ઉપર રહેલ**

નો પોગ્રામ હોય જે દરમ્યાન પારસ ઉર્ફે દશકો તથા લાઠી ગામે રહેતા આરોપી મનુભાઈ દાનાભાઈ ડાંગર વચ્ચે દાળ બનાવવા બાબતે રકઝક થતાં આરોપીએ આધેડના દીકરાને બેફામ ગાળો આપવા લાગતા આરોપીને ગાળો આપવાની ના પાડતા આરોપીએ પોતાની પાસે રહેલ છરી વડે આધેડના દીકરાને જમણી બાજુ પડખાના ભાગે જાનથી મારી નાખવાના ઈરાદે છરીનો એક મરણતોલ ઘા મારી ગંભીર ઈજા કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **લિસ્ટેડ આરોપી ૨૮ વર્ષથી**

૨૮/૯/૧૯૯૮ આઈ.પી.સી. કલમ ૨૨૪,૧૧૪ મુજબના ગુન્હામાં આજીવન કેદની સજા ભોગવતા અને અમરેલી ઓપન જેલમાંથી ફરાર થયેલ અને છેલ્લા ૨૮ વર્ષથી નાસતા ફરતા લિસ્ટેડ આરોપી અરજણ ઉર્ફે અર્જનસિંગ અંદરસિંગ બારીયા (રાઠોડ)ની ટેકિનકલ સોર્સ તથા હ્યુમન સોર્સની મદદથી હાલની સ્થિતી તેમજ સંપુર્ણ વિગતો એકત્ર કરી ચોક્કસ બાતમી આધારે માહીતી મળતા આરોપી હાલ ગામ–તળાવ ફળીયા કલોલ (જી. પંચમહાલ) ખાતે છુપી રીતે રહેતો હોય. જે માહીતી મળતા તુર્તજ કલોલ પોલીસ સ્ટેશનને આ બાબત વિષે માહીતગાર કરી આરોપીની વોચમાં રહી કલોલ પોલીસે આરોપીને પકડી પાડતા અમરેલી ડીવીઝનના નાસતા ફરતા સ્કવોર્ડ ઈન્ચાર્જ પો.સ.ઈ. કે.એસ. ડાંગર તથા ટીમ તેમજ અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા કલોલ પોલીસ પાસેથી આરોપી અરજણ ઉર્ફે અર્જનસિંગ અંદરસિંગ બારીયા (રાઠોડ)નો કબ્જો મેળવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## જન ઔષધી કેન્દ્ર અને સિટી પોલીસ દ્વારા અમરેલીના ધરમનગર ખાતે મહિલાઓ માટે પેડ વિતરણનો કાર્યક્રમ યોજાયો

### બહોળી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી



અમરેલી, તા. ૧૦

અમરેલીના ધરમનગર ખાતે જન ઔષધી કેન્દ્ર અને સિટી પોલીસ દ્વારા મહિલાઓ માટે પેડ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મહિલાઓને પેડ વિશે સમજણ આપવામાં આવી મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૭૫ | ૧૦૭૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૧૧૨ | ૧૧૧૨ |
| ૩ | શિંગ મોટી | ૮૧૦ | ૧૦૮૭ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૫૦ | ૧૩૧૨ |
| ૫ | તલ સફેદ | ૧૦૩૫ | ૨૨૭૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૧૫૧૫ | ૧૯૦૦ |
| ૭ | બાજરો | ૬૨૫ | ૬૨૫ |
| ૮ | જુવાર | ૪૦૦ | ૭૯૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૭૫૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૪૪ |
| ૧૧ | અડદ | ૬૦૦ | ૧૧૪૦ |
| ૧૨ | ચણા | ૯૧૫ | ૧૦૯૦ |
| ૧૩ | ચણા દેશી | ૧૧૧૬ | ૧૨૧૨ |
| ૧૪ | ચણા સફેદ | ૮૫૦ | ૧૩૪૦ |
| ૧૫ | તુવેર | ૮૬૦ | ૧૪૧૫ |
| ૧૬ | કપાસ | ૭૦૦ | ૧૪૯૧ |
| ૧૭ | એરંડા | ૧૦૫૦ | ૧૧૮૯ |
| ૧૮ | જીરૂ | ૧૭૦૦ | ૪૭૫૦ |
| ૧૯ | રાય | ૮૨૦ | ૯૫૦ |
| ૨૦ | ધાણા | ૧૦૦૦ | ૧૫૭૦ |
| ૨૧ | ધાણી | ૧૧૫૦ | ૧૯૧૦ |
| ૨૨ | અજમા | ૬૫૦ | ૧૭૪૦ |
| ૨૩ | મેથી | ૬૦૦ | ૯૩૦ |
| ૨૪ | સોયાબીન | ૬૫૦ | ૮૨૩ |
| ૨૫ | મરચા લાંબા | ૩૨૦ | ૧૭૭૦ |
| ૨૬ | દેશી મરચા | ૬૫૦ | ૩૩૫૦ |
| ૨૭ | કાંગ | ૪૭૦ | ૪૭૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૪૮૯ |
| ૨ | મગફળી | ૯૯૦ | ૯૯૦ |
| ૩ | ચણા | ૧૦૬૦ | ૧૦૮૦ |
| ૪ | તુવેર | ૧૨૫૦ | ૧૨૭૫ |
| ૫ | અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૬ | સોયાબીન | ૭૬૧ | ૭૬૧ |
| ૭ | રાય | ૧૦૧૨ | ૧૦૧૨ |
| ૮ | મેથી | ૯૨૦ | ૧૦૫૦ |
| ૯ | જીરૂ | ૪૪૦૦ | ૪૬૭૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૪૩ | ૧૦૪૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૫૪ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૦૩ |
| ૪ | જીરૂ | ૪૩૨૦ | ૪૯૩૦ |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૧૪૮૨ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૭૦૬ |
| ૮ | બાજરો | ૫૦૦ | ૬૨૪ |
| ૯ | જુવાર | ૬૦૦ | ૭૧૧ |
| ૧૦ | અડદ | ૧૩૦૦ | – |
| ૧૧ | ચણા | ૧૦૮૦ | ૧૧૨૧ |
| ૧૨ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૩૭૧ |
| ૧૩ | તુવેર | ૧૧૫૦ | ૧૩૮૫ |
| ૧૪ | એરંડી | ૧૧૫૦ | ૧૧૮૪ |
| ૧૫ | મેથી | ૮૦૦ | ૯૭૧ |
| ૧૬ | રાય/રાયડો | ૯૫૦ | ૧૦૫૦ |
| ૧૭ | ધાણા | ૧૩૦૦ | ૧૬૮૦ |
| ૧૮ | સોયાબીન | ૭૧૦ | ૭૭૨ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૫૦ | ૯૫૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૧૫ |
| ૩ | ચણા | ૯૦૧ | ૧૧૧૮ |
| ૪ | તુવેર | ૧૨૯૧ | ૧૨૯૧ |
| ૫ | ધાણા | ૧૨૨૦ | ૧૩૭૦ |
| ૬ | એરંડા | ૭૦૦ | ૧૧૭૩ |
| ૭ | શીંગ દાણા | ૧૨૩૦ | ૧૨૩૦ |
| ૮ | મેથી | ૯૭૦ | ૯૭૦ |
| ૯ | રાજગરો | ૫૦૦ | ૫૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૧૧ |
| ૨ | ઘઉં લોકવન | ૩૮૧ | ૫૧૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૯૦ |
| ૪ | ચણા | ૬૦૦ | ૧૦૮૧ |
| ૫ | મેથી | ૭૫૫ | ૭૫૫ |
| ૬ | ધાણા | ૧૧૩૦ | ૧૩૩૫ |
| ૭ | મગફળી | ૭૫૦ | ૯૦૦ |
| ૮ | વટાણા | ૯૪૦ | ૯૪૦ |
| ૯ | મકાઈ | ૪૭૨ | ૪૭૨ |
| ૧૦ | તુવેર | ૮૦૦ | ૧૩૦૦ |
| ૧૧ | રાય | ૧૦૬૦ | ૧૧૮૫ |
| ૧૨ | સોયાબીન | ૫૦૦ | ૮૦૦ |
| ૧૩ | ચણા સફેદ | ૧૦૫૫ | ૧૧૦૦ |
| ૧૪ | તલ સફેદ | ૧૬૫૧ | ૧૬૫૧ |


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૫૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૬૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૯૭૫ | ૧૦૧૫ |
| ૪ | જીરૂ | ૩૯૩૦ | ૪૯૦૦ |
| ૫ | ઘઉં | ૪૫૯ | ૫૫૧ |
| ૬ | ચણા | ૧૦૪૮ | ૧૦૯૨ |
| ૭ | ધાણા | ૧૨૯૦ | ૧૫૭૦ |
| ૯ | તુવેર | ૧૨૧૦ | ૧૩૩૦ |
| ૧૦ | મેથી | ૯૩૦ | ૧૦૨૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૧૧ | ૧૦૩૬ |
| ૨ | તલ પીળા | ૧૯૦૭ | ૧૯૦૭ |
| ૩ | તલ કાળા | ૩૩૦૧ | ૩૩૦૧ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૧૪૭૫ |
| ૫ | બાજરો | ૪૨૧ | ૬૦૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૧ |
| ૭ | જુવાર | ૬૫૦ | ૯૧૪ |
| ૮ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ૯ | કાંગ | ૮૨૪ | ૮૪૫ |
| ૧૦ | ચણા | ૮૫૦ | ૧૦૮૭ |
| ૧૧ | એરંડી | ૮૦૦ | ૧૧૪૩ |
| ૧૨ | રાય | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૧૩ | સોયાબીન | ૭૮૮ | ૭૮૮ |

# દામનગર ખાતે નેમિનાથ દેરાસરમાં અજમેરા પરિવાર દ્વારા ધ્વજારોહણ કરાયુ






દામનગરનાં પૂર્વનગરપતિ હસુભાઈ અને બળવંતભાઈ અજમેરા પરિવારનાં રહેણાકમકાનમાં પપુઆદેવ હેમવલ્લભસુરિરજી મહારાજની શ્રામાં નિર્મિત થયેલ ગિરનારતીર્થમંડલનેમિનાથ ભગવતનાં દેરાસરની પ્રથમ વર્ષ ગાંઠ નિમિતે અજમેરા પરિવારનાં પુત્ર રત્ન વિરલભાઈ–કુમારભાઈ એવમ પુત્રીરત્ન ચારૂબેન, બીનાબેન, બેલાબેન અને પુત્ર વધુ કિરણબેન અજમેરા દ્વારા બે દિવસિય અઢાર અભિષેક સહિત ભવ્ય અને દિવ્ય મહોત્સવનું આયોજન કરાયું હતું પૂર્વ નગરપતિ પરિવારની સામાજિક સુવાસ અને સમગ્ર વતન પ્રત્યે આત્મીયતાથી ખૂબ મોટી સંખ્યામાં જેનજેનોતર પરિવારોએ આ દિવ્ય અને ભવ્ય મહોત્સવમાં પૂજન અર્ચન દર્શનનો લાભ મેળવ્યો હતો પૂર્વનગરપતિ હસુભાઈ અજમેરા પરિવારની પુત્રીરત્ન બીનાબેન અજમેરા વતન આગમન થયાના સમાચારથી અનેક પરિચિત પરિવારો એ મિતભાષી મિલનસાર સ્વભાવના બીનાબેનનું દશા જેન મહાજન વાડી પરિસરમાં વિશિષ્ટ સત્કાર સન્માન કર્યુ હતું દામનગર અજમેરા પરિવારના પુત્રીરત્ન અને પુત્ર રત્નની ઉદારતા અને ગુરૂ ભગવંતની યાજ્ઞાવૃત્તિએ ભવ્ય ભગવંત નેમિનાથનું દેરાસર નિર્માણનું કાર્ય કરાવ્યું જે સમસ્ત માનવસમાજને યુગોયુગાંતર ધર્મ પરાયણતાનો સંદેશ આપતું રહેશે દિવ્ય દેરાસરની પ્રથમ વર્ષગાંઠ દીને ધ્વજારોહણ અને અઢાર અભિષેક મહોત્સવ યોજાયો હતો.

### સરકારીશ્રી તરફથી પ્રવાસન ક્ષેત્રમાં સમાવેશ થતા

# સુપ્રસિધ્ધ ભુરખિયા હનુમાનજી મંદિરનાં નવનિમાર્ણનો આગામી દિવસોમાં પ્રારંભ

## આજે નવનિર્મિત મંદિરનાં મોડેલનું થશે અનાવરણ

અમરેલી, તા.૧૦

લાઠી તાલુકાના ભુરખિયા ગામે આવેલ સુપ્રસિદ્ધ જગ વિખ્યાત સ્વયંભુ પ્રાગટય ભુરખિયા હનુમાનજી મંદિરના નવ નિર્માણ કાર્યનો શુભારંભ આગામી દિવસોમાં કરવામાં આવશે. તેમજ તા.૧૧/૪/૨૫ના દિવસે મંદિર સામે અતિ આધુનિક નવ નિર્મિત જાનકી ગાર્ડનનું લોકાર્પણ તેમજ નવનિર્મીત મંદિરના સંભવિત મોડેલનું અનાવરણ કરવામાં આવશે.

સુપ્રસિદ્ર સ્વયંભુ પ્રાગટય ભુરખિયા હનુમાનજી મંદિરને સરકાર દ્વારા પ્રવાસન ક્ષેત્રે સમાવેશ કરવામાં આવેલ છે. જે ગ્રાટમાંથી તાજેતરમાં મંદિર પરિસરના સામેના ભાગના ગ્રાઉન્ડમાં સુંદર બગીચાનું નિર્માણ કરવામાં આવેલ છે. આ ગાર્ડનનું નામ જાનકી ગાર્ડન રાખવામાં આવેલ છે. આ નવ નિર્મિત ગાર્ડનનું હનુમાન જન્મોત્સવનાના પવિત્ર દિવસે લોકાર્પણ કરવામાં આવશે. સાથો સાથ નિષ્ણાત સોમપુરાના માર્ગદર્શન હેઠળ ઉચ્ચ કવોલિટીના મારબલ સાથે સમગ્ર મંદિરનું નિર્માણ કરવામાં આવશે. યાત્રિકોની સુવિધાર્થે આધુનિક વિશ્રામ ગૃહ, અતિથિ ભવન, ભોજનાલય, સત્સંગ હોલ, યજ્ઞશાળા તેમજ મંદિર પરિસર ફરતે કંપાઉન્ડ વોલ અતિ આધુનિક લાઈટિંગ સહિત વિવિધ સુવિધા સભર આયોજન કરવામાં આવેલ છે. તેમજ તે દિવસે મંદિરના નવનિર્મીતના સંભવિત મોડલનું અનાવરણ કરવામાં આવશે.



### 'સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુકત ગુજરાત'

# બાળકોમાં મેદસ્વિતા દુર કરવા ખાનપાન, જીવનશૈલીમાં પરિવર્તન કરવું જરૂરી બન્યું

## બાળકોનો સ્કિન ટાઈમ ઓછો કરવો અને આઉટડોર રમત તેમજ વ્યાયામ માટે પ્રોત્સાહન કરવા

અમરેલી, તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનના પગલે રાજય સરકાર દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સ્વસ્થ ગુજરાત ' મેદસ્વિતા મુકત ગુજરાત'નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

સ્વસ્થ જીવન શૈલી અપનાવી જનજન સુધી આ સંદેશો પ્રસરાવવા માટે કેટલાક સૂચનો કરવામાં આવ્યા છે. મેદસ્વિતા અને વધુ પડતો વજન એ આરોગ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે. જો કે, તકેદારીના પગલાં ભરવાથી મેદસ્વિતાનું નિવારણ લાવી શકાય છે. ખાસ કરીને બાળકોમાં મેદસ્વિતા આવે નહિ તે માટે તકેદારીના પગલા ભરવા જરૂરી છે. બાળકો, મહિલાઓ અને યુવાનો પુરૂષો સૌ કોઈ ખાનપાન, જીવનશૈલીમાં પરિવર્તન કરી મેદસ્વિતા મુક્ત થઈ શકાય છે.

ટેકનોલોજીના એડવાન્સમેન્ટ સાથે બાળકો પણ હાઈટેક ઉપકરણોનો ઉપયોગ કરી રહ્યા છે, જેના કારણે બાળકોનો સ્કિન ટાઈમ વધી રહ્યો છે. ડિજિટલ ઉપકરણોના ફાયદા સામે કેટલાક ગેરફાયદા છે અને તેમાનો એક ગેરફાયદો વ્યાયામ અને આઉટડોર રમતોનું પ્રમાણ ઘટી રહ્યું છે જેના કારણે બાળકોનો સ્કિન ટાઈમ વધી રહ્યો છે. માતાપિતાએ બાળકોમાં મેદસ્વિતા આવે નહિ તે માટે તેમનો સ્કિન ટાઈમ ઓછો કરી અને રમતગમત માટે પ્રોત્સાહન કરવા જોઈએ.

મેદસ્વિતા માટે ખાનપાન પણ ખૂબ જવાબદાર છે. ઝડપી જીવનશૈલીમાં પેકેજડ અને પ્રોસેસ ફૂડનું પ્રમાણ વધી રહ્યું છે અને તાજો અને પૌષ્ટિક આહાર વિસરાઈ રહ્યો છે. કુમળી વયે બાળકોમાં પેકેજડ ફૂડનું વળગણ ન થાય તે માટે તેમને રોજિંદા આહારમાં તાજો અને પૌષ્ટિક આહાર આપવો જોઈએ.

તાજા ફળો અને શાકભાજીમાં વિટામીનનો ભરપૂરત સ્ત્રોત હોય છે જે રોજિંદા જીવનમાં આવશ્યક છે. બાળકોમાં ફળોની આદત કેળવી શકાય તે માટે તેમને મનગમતા ફળો ખવડાવવા જોઈએ જેનાથી તેમની ન્યુટ્રિશનની માંગ પણ પૂરી થઈ શકે અને તેમનો સર્વાંગી વિકાસ થાય. જીવનશૈલી પરિવર્તનમાં ખાનપાન મહવનું અંગ છે, મેંદાવાળી ચીજવસ્તુઓ, મીઠાઈઓ, નાસ્તાના પેકેટ તેમજ કોલ્ડ્રીંક્સ સરળતાથી ઉપલબ્ધ થઈ જાય છે પરંતુ તે આરોગ્યપ્રદ નથી. બાળકોના સર્વાંગી શારીરિક વિકાસ અને આરોગ્ય માટે તેમને જંકફૂડ ન આપવું જોઈએ.

મેદસ્વિતા-જાડાપણા અંગે અગમચેતી એ જ સલામતી છે. મેદસ્વિતાના કારણે નોન કોમ્યુનિકેશન ડિસિઝનો સામનો કરવો પડી શકે છે. મેદસ્વિતા અંગની જાણકારી માટે ઊંચાઈ અને વજન સાથે બોડી માસ ઈન્ડેક્સ (બીએમઆઈ)ના પરિમાણનો આધાર લેવા માટે આવે છે. નજીકના આરોગ્ય કેન્દ્ર પર વજન અને ઊંચાઈ માપી શકાય છે.

### ચેમ્બર પ્રમુખે જિલ્લા કલેકટરને પત્ર પાઠવ્યો

# અમરેલીથી ભૂરખિયા મંદિર જતા પદયાત્રીઓને સુરક્ષા પુરી પાડવા માંગ

## વાહનવ્યવહારને થોડા કલાકો માટે ફેરવવો જરૂરી

અમરેલી, તા. ૧૦

અમરેલી ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ મનોજ ભટ્ટે જિલ્લા કલેકટરને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, આગામી ચૈત્ર સુદ પૂર્ણિમા તા.૧૨/૪/૨૦૨૫ને શનિવારનાં રોજ હનુમાન જયંતિ નિમિતે આસ્થા અને શ્રદ્ધાથી આગળના દિવસે તા.૧૧/૪/૨૦૨૫ ને શુકવારે રાત્રીના પગપાળા ભુરખીયા હનુમાન દાદાના દર્શન હનુમાન જયંતિના દિવસે પહોંચી શકાય તેવી રીતે અમરેલીથી અંદાજીત ૫૦ હજાર પદયાત્રીઓ ભુરખીયા હનુમાન દર્શનાર્થે રવાના થતા હોઈ છે.

વધુમાં જણાવેલ છે. આગામી હનુમાન જયંતિના પવિત્ર તહેવાર દરમિયાન તા.૧૨/ ૪/૨૦૨૫ના રાત્રે ૭:૦૦ કલાકથી ૧૨/૪/૨૦૨૫ સવારના ૬:૦૦ કલાક સુધી સુરક્ષા વ્યવસ્થા તેમજ ટ્રાફિક નિયમન અને વાહનો માટે રૂટ ફેરફાર કરી ટ્રાફિક બાયપાસ કરી ભુરખીયા શ્રી હનુમાનજી મંદિરે જતા રસ્તે પદયાત્રીઓને સલામતી અને સુરક્ષા પુરી પાડવા અંતમાં માંગ કરેલ છે.

### જ્યાં તપસ્વીઓનો વસવાટ છે તેવા

# અમરેલીનાં સારહિ તપોવન આશ્રમમાં રામનવમીની આસ્થાભેર ઉજવણી

## સંસ્થાના પ્રમુખ મુકેશ સંઘાણી પણ ઉપસ્થિત રહ્યાં

અમરેલી, તા.૧૦

સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત "સારહી તપોવન આશ્રમ" ખાતે ઈષ્ટદેવ ભગવાનશ્રી રામના જન્મોત્સવ નિમિતે તપસ્વીઓ સાથે શોભાયાત્રા કાઢીને ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે 'સારહિ' યુથ કલબ ઓફ અમરેલીનાં પ્રમુખ મુકેશભાઈ સંઘાણી સહ પરિવાર, સારહિ પરિવાર તથા ધર્મ પ્રેમી જનતા ઉપસ્થિત રહી ભકિતભીની લાગણી અનુભવેલ.



# ૧૧ એપ્રિલ : નેશનલ પેટ ડે એટલે પાલતુ પ્રાણીઓ પ્રત્યે પ્રેમ અને જવાબદારીનો દિવસ

અમરેલી, તા.૧૦

આજના યુગમાં મોટાભાગના લોકોને પ્રાણીઓનો ઉછેર કરવો ગમે છે. કેટલાકને કૂતરો પાળવો ગમે છે. જયારે કેટલાકને ઘોડો, બિલાડી, વાંદરો, ગાય અને ભેંસ પાળવામાં મજા આવે છે. આ એટલા માટે છે કારણ કે પાલતુ પ્રાણી તમારી સાથે રહેવા માટે દરેક શકય પયત્નો કરે છે. આ સાથે જ પ્રાણીઓ રાખવાથી મનને ઘણી શાંતિ મળે છે. આ કારણોસર તમારા પાલતુ સાથેના તમારા સંબંધની ઉજવણી કરવા માટે દર વર્ષે ૧૧મી એપ્રિલ નેશનલ પેટસ ડે ઉજવવામાં આવે છે. પરંતુ સામાન્ય રીતે એવું જોવા મળે છે કે લોકો તેમના પાલતુ પ્રાણીઓની સંભાળ રાખે છે પરંતુ રસ્તા પર રખડતા પ્રાણીઓ પર કોઈ ધ્યાન આપતું નથી. આ દિવસ આવા પ્રાણીઓને પ્રેમ કરવા અને તેમની સંભાળ રાખવા માટે પણ જાગૃત કરે છે. એનિમલ વેલ્ફેર એડવોકેટ અને નિષ્ણાત કોલીને ૧૧ એપ્રિલ, ૨૦૦૬ના રોજ નેશનલ પેટ્સ ડેની શરૂઆત કરી હતી.




"નેશનલ પેટ ડે"નો ઈતિહાસ શું છે.

કોલીન પેજે વર્ષ ૨૦૦૬માં નેશનલ પેટસ ડે ઉજવવાનું શરૂ કર્યુ હતું. એનિમલ વેલ્ફેર એડવોકેટ અને નિષ્ણાત કોલીને ૧૧ એપ્રિલ પાલતુ પ્રાણીઓ સાથેના સંબંધોની ઉજવણી કરવા માટે રાષ્ટ્રીય પેટસ દિવસની શરૂઆત કરી હતી. ત્યારથી દર વર્ષે ૧૧ એપ્રિલે, અમેરિકામાં નેશનલ પેટસ ડે ઉજવવામાં આવે છે.

આ દિવસ મુખ્યત્વે અમેરિકામાં જ ઉજવવામાં આવે છે. પરંતુ ભારત સહિત અન્ય દેશોમાં આ દિવસની લોકપ્રિયતા વધી રહી છે અને લોકો આ દિવસની ઉજવણી કરવાનો પ્રયાસ કરતા જોવા મળે છે.

નિષ્ણાતો માને છે કે ઘરમાં પ્રાણી રાખવાથી તમારા માનસિક સ્વાસ્યમાં ઘણો સુધારો થઈ શકે છે. ઘરમાં પ્રાણીઓની હાજરી હૃદય અને મનને શાંતિ આપવાનું કામ કરે છે. આટલું જ નહીં, પાલતુ પ્રાણી તમને સંબંધનો અહેસાસ કરાવે છે. આ સાથે, તેઓ એકલતા અને તણાવને દૂર કરવામાં પણ સારી ભૂમિકા ભજવે છે. જો જોવામાં આવે તો આ વાત પણ એકમદ સાચી લાગે છે. કદાચ આ કારણ છે કે પ્રાણીઓને ઘરમાં રાખવાનું ચલણ વધી રહ્યું છે.

નેશનલ પેટ ડે (પાળતુ પ્રાણીઓ પ્રત્યે પ્રેમ અને જવાબદારીનો દિન) એ કોઈ ફકત ઉજવણીનો દિવસ નથી. પશુ-પક્ષીઓ માટે આપણે શું કરી શકીએ તેનો વિચાર કરવાની દિવસ છે. દરેક પશુ-પક્ષીઓ માટે હમેશા દયા દાખવવી એ આપણો માનવતાનો ધર્મ છે.-મિતલ ખેતાણી (૯૮૨૪૨૨૧૯૯૯)

# બગસરા ખાતે શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક દિવસની ઉજવણી



બગસરા, તા. ૧૦

શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક દિવસ નિમિતે શ્રી તપગચ્છ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક દેરાસર દ્વારા સમસ્ત નગરજનોને કેરીનો રસ તેમજ અમૃત છાશ પીવડાવી સેવાની ભકિત રાખવામાં આવી હતી અને સાથે લાડકવાની પ્રસાદી પણ આપવામાં આવી હતી આ શુભ અવસરે બગસરા શહેરના નગરજનોએ બહોળી સંખ્યામાં લાભ લીધેલ હતો.

### બીએનડી એનર્જી પ્રા.લિ. કંપની નજીક

# અમરેલીનાં લાઠી માર્ગ ઉપર શુક્રવારે મહાપ્રસાદનો કેમ્પ યોજાશે

## રાજકોટ અને જસદણનાં ભાવિકો દ્વારા આયોજન

જસદણ, તા. ૧૦

જસદણ હનુમાન જયંતિની પૂર્વ સંધ્યાએ પ્રસિદ્ર ભુરખીયા હનુમાનજી મંદિરે જતા લાખો પદયાત્રીઓ માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ મહાપ્રસાદ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષે હનુમાન જયંતી નિમિતે લાખો પદયાત્રીઓ અમરેલી જિલ્લાના પ્રસિદ્ર ભૂરખીયા હનુમાનજી મંદિરે પદયાત્રા કરીને દર્શન કરવા જતા હોય છે. આ તમામ પદયાત્રીઓ માટે સાગરભાઈ મધુભાઈ દોશી, મિતેષભાઈ કિશોરભાઈ કલ્યાણી, અમિતભાઈ કિરીટભાઈ પટેલ, મંગલભાઈ શૈલેષભાઈ શાહ, હિરેનભાઈ બી. સાકરીયા, અમીતભાઈ રમેશભાઈ પટેલ, અતુલભાઈ એચ. કલ્યાણી અને આશિષભાઈ નવીનભાઈ પટેલ તરફથી તા. ૧૧/૪/૨૫ને શુકવાર સાંજે મહાપ્રસાદનો કેમ્પ યોજાશે. આ કેમ્પ સ્થળે હનુમાન દાદાને છપ્પનભોગ ધરાવવામાં આવશે. છપ્પનભોગના ભવ્ય દર્શન સાથે હનુમાન દાદાની ભવ્ય આરતી થશે.

અમરેલીથી લાઠીના રસ્તે, ૮ કિલોમીટરના અંતરે ભુરખીયા હનુમાનજી મંદિરે જવાના રસ્તે બીએનડી એનર્જી પ્રાઈવેટ લિમિટેડ પાસે આ કેમ્પ યોજાશે. અહીં તમામ પદયાત્રીકો માટે ઠંડા ગોલા, કેરીનો રસ, ગરમાગરમ પરોઠા, સ્વાદિષ્ટ શાક, તાજા લાઈવ ઢોકળા, પૌષ્ટિક ખીચડી, ઠંડી સોડા અને મીઠા તરબુચનો પ્રસાદ વિનામૂલ્યે આપવામાં આવશે. તમામ પદયાત્રીકો, દર્શનાથી ભાઈઓ, બહેનો, વડીલો અને માતાઓએ આ કેમ્પ ખાતે મહાપ્રસાદનો લાભ લેવા આયોજકોએ અનુરોધ કર્યો છે.

# કુદરતે કૃષિ સંસ્કૃતિમાં એક સંકલિત શૃંખલા અને ઇકો સિસ્ટમની રચના કરી છે, આ કુદરતી વ્યવસ્થા એટલે પ્રાકૃતિક કૃષિ

અમરેલી, તા. ૧૦

કુદરતે કૃષિ સંસ્કૃતિમાં એક સંકલિત શૃંખલા અને ઈકો સિસ્ટમની રચના કરીછે. આ કુદરતી વ્યવસ્થા એટલે પ્રાકૃતિક કૃષિ.

પ્રાકૃતિક કૃષિમાં કૃત્રિમ ખાતર અને કૃત્રિમ જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો નથી. પ્રાકૃતિક કૃષિ એ ગૌ આધારિત કૃષિ છે.

સમગ્ર ગુજરાતમાં જગતના તાત એવાં ખેડૂતો હવે પરંપરાગત કૃષિ છોડી પ્રાકૃતિક કૃષિ અપનાવી રહ્યા છે. પ્રાકૃતિક કૃષિની દ્રષ્ટિએ હવે અમરેલી જિલ્લો પણ ડગ માંડી રહ્યો છે, એક અંદાજ મુજબ જિલ્લાના આશરે ૩૧,૯૮૧ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવી ચૂકયા છે અને ઘર બેઠાં જ પ્રાકૃતિક ઢબે ઉત્પાદિત પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ કરી રહ્યા છે.

આપણે પ્રાકૃતિક કૃષિ વિશે જાણતા તો હોઈએ પરંતુ શું આપણે પ્રાકૃતિક ખેત પેદાશનું માર્કેટિંગ કેવી રીતે થાય ? અથવા તો કેવી રીતે કરી શકાય ? તે જાણીએ તો ખેત આધારિત આવકમાં ઉમેરો થાય છે અને તે સમૃધ્ધિના દ્વાર ખોલે છે.

સૌ પ્રથમ તો પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોએ પોતાની પ્રાકૃતિક કૃષિ પેદાશ માટે અને પ્રાકૃતિક કૃષિ માટે સર્ટિફિકેશનની પ્રક્રિયા અનુસરવી, ત્યારબાદ માન્યતા પ્રાપ્ત પ્રાકૃતિક કૃષિ પેદાશનું માર્કેટિંગ કરી શકે છે. પ્રાકૃતિક કૃષિ દ્વારા પકવવામાં આવેલ ખેત પેદાશોની ગુણવત્તા સારી હોવાના કારણે બજારમાં તેમના સારા ભાવો મેળવી શકાય છે.

પ્રાકૃતિક ખેત ઉત્પાદનના માર્કેટિંગ માટેની વિવિધ રીતો છે. આવો એ વિષયક જાણકારી પ્રાપ્ત કરીએ.

(૧) વ્યકિતગત માર્કેટિંગ

પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ માટે આ સરળ રીત છે. વ્હોટ્સએપ અથવા સ્થાનિક ટેલિફોન નેટવર્ક્સ જેવા પ્લેટફોર્મ્સ દ્વારા ગ્રાહક જૂથો બનાવી શકાય છે. એ ગ્રાહકોની માંગ મુજબ પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ સીધા જ ગ્રાહકોને કરી શકાય છે.

(૨) નવીન માર્કેટિંગ પ્લેટફોર્મ્સ

પ્રાકૃતિક ખેત પેદાશોના ઉપયોગ માટે ગ્રાહકોને આકર્ષી શકાય છે. સામાન્ય સ્થાનો, રસ્તાની બાજુઓ, ઓફિસ, ટ્રાન્સપોર્ટેશન હબ પર પોર્ટેબલ કેનોપિઝ સેટ કરીને ગ્રાહકોનું ધ્યાન આકર્ષી શકાય છે. માર્કેટિંગની આ પદ્ધતિ દ્વારા પ્રાકૃતિક ખેતી કરતાં પ્રગતિશીલ ખેડૂતો પોતાની પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ વધારી શકે છે.

(૩) કેપ્ટિવ આઉટલેટ્સ

જિલ્લા અને બ્લોક હેડક્વાર્ટર, રસ્તાની બાજુઓ વગેરે પર આઉટલેટ્સ સ્થાપવાથી વિવિધ ખેડૂતો અથવા ઉત્પાદક સંગઠનો (FPO) પાસેથી એકત્ર કરવામાં આવેલી વધારાની પેદાશો વેચવામાં મદદ મળી શકે છે.

(૪) ઓનલાઈન માર્કેટિંગ (ઈ-કોમર્સ)

આજે બજાર વ્યવસ્થામાં સંપૂર્ણપણે પરિવર્તન આવી ચૂકયું છે. એમેઝોન, ફલીપકાર્ટ જેવા વિવિધ પ્લેટફોર્મ્સ ધૂમ મચાવી રહ્યા છે. ઈ-કોમર્સ એક બિઝનેસ તરીકે વિકસ્યું છે. પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતો ખેત પેદાશોનું ગ્રાહકોને સીધું માર્કેટિંગ અને વેચાણ કરવા માટે ઈ-કોમર્સ પ્લેટફોર્મ બનાવી શકે છે. ઉપરાંત પ્રોડકટના વેચાણ માટે આ રીત અત્યારના સમયને ધ્યાનમાં રાખીને સૌથી વધુ અનુરૂપ છે.

(૫) ઓફલાઈન શોપ્સના માપ્રયમથી માર્કિટંગ સહ વેચાણ

વ્યૂહાત્મક સ્થળોએ કેનોપિઝ, કેપ્ટિવ આઉટલેટ્સ સાથે દુકાનોનો ઉપયોગ ગ્રાહકો સાથે સીધા જોડાણ માટે મહત્વનો વિકલ્પ સાબિત થઈ શકે છે. ગ્રાહકોને સીધા જ જોડી શકાય છે. માર્કેટિંગની આ રીતની મદદથી પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતો ઉત્પાદનની વિશિષ્ટતાને પ્રોત્સાહન આપી શકે છે.

આમ, ઉપરોકત વ્યકિતગત માર્કેટિંગ, નવીન માર્કેટિંગ પ્લેટફોર્મ્સ, કેપ્ટિવ આઉટલેટ્સ, ઓનલાઈન માર્કેટિંગ (ઈ-કોમર્સ) માધ્યમથી માર્કેટિંગ સહ વેચાણના વિકલ્પો મહત્વના સાબિત થઈ શકે છે.

# સાવરકુંડલા પાલિકાની રોશની શાખાનાં કર્મચારીઓ દ્વારા સ્ટ્રીટલાઈટનો ઝગમગાટ



સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલા નગરપાલિકા દ્વારા અંધારા ઉલેચવા સતત પ્રયત્નશીલ રહેતા નગરપાલિકા સ્ટ્રીટ લાઈટના કર્મચારીઓ. ઘણી વખત તો રાતના સમયે પણ કોઈ જાહેર રોડ કે ચોક પર રાતના સમયે બંધ પડેલ લાઈટ ચાલુ રાખવા કે ટેકનીક ખામી શોધવા સતત પ્રયત્નશીલ રહેતા જોવા મળે છે. સાવરકુંડલાના પત્રકાર બિપીનભાઈ પાંધી દ્વારા શહેરની સૈર દરમિયાન અનાયાસે લેવાયેલ ઉપરોકત તસવીર તેનો બોલતો પુરાવો છે. તસવીરોમાં નગરપાલિકા સ્ટ્રીટ લાઈટના કર્મચારીઓ સુરેશભાઈ મહેતા, ભોળાભાઈ રબારી તેની ટીમ હાથસણી રોડ પર આવેલ જાહેર લાઈટનું સમારકામ કરતાં જોવા મળે છે આપને જણાવી દઈએ કે આ તસવીરો કોઈ ફોટો સેશન કે પ્રોજેકટેડ નથી પરંતુ અનાયાસો સાવરકુંડલા ખાતે આવેલ હાથસણી રોડ પર શહેરની સૈર કરતાં એક પત્રકારના કેમેરામાં કંડારાયેલી છે. જે નગરપાલિકા સ્ટ્રીટ લાઈટના કર્મચારીઓ કર્મનિષ્ઠાનો બોલતો પુરાવો છે.

કોઈ ટેકનીકલ કારણોસર બંધ પડેલ હાથસણી રોડના જાહેર રોડની સ્ટ્રીટ લાઈટ બંધ હોય તે કેમ ચાલે બે બાબતે સતત પ્રયત્નશીલ રહેતા નગરપાલિકા સ્ટ્રીટ લાઈટના કર્મચારીઓ અંધારામાં મોબાઈલ લાઈટનો મદદથી થતું સમારકામ ખરેખર કર્મચારીઓ કાર્યનિષ્ઠાનું અદભૂત દ્રશ્ય દેશની પ્રગતિ પ્રેરણાદાયી ઉદાહરણ આવી બાબતોને મોટીવેટ કરવાથી અન્યને પણ પ્રેરણા મળે ખરી.

# જીવન એક યુદ્ધ ક્ષેત્ર : યુદ્ધ પોતાની જાત સાથે અને પછી બાહ્ય વાતાવરણ સાથે

અમરેલી, તા. ૧૦

સમય બહુ કીમતી છે સમજીને ખર્ચ કરવો દરેક મિનિટનો હિસાબ કરીને ચાલવું સમયની ખેતી કરવી. ૨૪ કલાકમાં ૩૦ કલાકના કામ કરવા સંઘર્ષ જ જિંદગી છે અને જિંદગી જ સંઘર્ષ. સંઘર્ષ કર્યા વગર પ્રગતિ ક્યારેય નહીં થાય ક્યારેય નિષ્ફળતા મળે હારી જવાય પરંતુ ફરીથી ઉભા થવું સંપૂર્ણ ઉર્જાને ફરીથી કેન્દ્રિત કરવી પોતાના દોષો સાથે લડવું .અંધકાર સાથે લડવું સંકીર્ણ વિચારો સાથે લડવું. યુદ્ધ પહેલા પોતાની જાત સાથે પછી બાહ્ય વાતાવરણ સાથે કરવો બંને પ્રક્રિયા એક સાથે ચાલશે. આ સંસાર યુદ્ધક્ષેત્ર છે અહીંયા આરામ કરવા માટે નથી આવ્યા. સફળતાનો માર્ગ પર કોઈનો પ્રતિબંધ નથી બધા માટે ખુલ્લા છે નિષ્ફળ અને સફળ વ્યકિતમાં એટલો ફર્ક હોય છે કે સામાન્ય વ્યકિત પોતાના કામમાં થી વહેલી તકે છટકવાનો પ્રયાસ કરે છે અને કામ જેમતેમ પૂરૂ કરે છે જયારે સફળ માણસ ટન બંધ વધારે કામ નથી કરતો પણ પોતાનું કામ પૂરી ઈમાનદારી અને વટથી કરે છે એટલે જ કંઈક મેળવવા માટે કંઈક ખોવું પડે છે મફતમાં કંઈ જ મળતું નથી અખૂટ ધીરજ અને વિપરીત પરી સ્થિતિ સામે સતત ઝઝુમીને લક્ષ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સતત પ્રયત્ન કરતા રહેવું. કોઈ પણ કામ હાથમાં લઈએ અને સફળતા મળે ત્યારે આપણે ખૂબ ખુશ થઈએ છીએ નિષ્ફળતા આવે ત્યારે હતાશ થઈ જઈએ પોતાની ધારણા પ્રમાણેનું ન થાય અને વારંવાર નિષ્ફળતા મળે તો નસીબ ફૂટેલું છે એમ નસીબને દોષ આપીએ છીએ ત્રણ ત્રણ દાયકા સુધી નિષ્ફળ થયેલા અમેરીકન લોકશાહીના સર્વોચ્ચ પદ થનાર અબ્રાહમ લિંકન જયાં સુધી સફળ ન થયા ત્યાં સુધી હિંમત ન હારી કહેવાનો તાત્પર્ય એ છે કે જયાં સુધી સફળતા ન મળે ત્યાં સુધી મેદાન છોડી ભાગતા નથી. પોતાની સાથે અને બાહ્ય વાતાવરણ સાથે યુદ્ધ કર્યા કરે છે એક કરોળિયાની માફક સતત પ્રયત્ન કરતા રહેવું વારંવાર નીચે પડવા છતાં ફરી ફરી વળ તૂટેલો તાતણો પકડી ઉપર ચઢવાની ક્રિયા કરે છે કોઈ પણ



ક્ષેત્રમાં સિદ્ધિના શિખરે પહોંચવા માટે જરૂરી છે પ્રયત્નો પછી સફળ ન થનાર વ્યકિતએ યાદ રાખવું જોઈએ કે કયારેક ઝૂડાની છેલ્લી ચાવી તાળું ખોલી પણ દે. જયાં સુધી રણ છોડીને ભાગતા નથી ત્યાં સુધી ક્યારેય હારતા નથી. કંઈ પણ ન કરવું અને પડ્યા રહેવું એક આરામદાયક વિકલ્પ છે પરંતુ એ જિંદગી જીવવાની અર્થહીન રીત છે પ્રકૃતિનો નિયમ છે કે સંઘર્ષથી જ તેજી આવશે. જેમ સોનું તપાવવાથી વધારે શુદ્ધ બને છે ચમકે છે ધાતુનો એક નકામો ટુકડો અનેક કષ્ટદાયક પરીસ્થિતિઓમાંથી પસાર થાય છે ત્યારે એને ભગવાનની મૂર્તિ બનવાનો દિવ્ય લાભ મળે છે એમ જે મનુષ્યનું જીવન કષ્ટો અને મુશ્કેલીઓમાંથી પસાર થાય તે જ ચળકે વિપત્તિઓ અવરોધો મુશ્કેલીઓ સાથે લડી શકે છે જેનામાં પ્રતિકૂળ પરિસ્થિતિઓ સ્થિતિઓ સામે લડવાનું સાહસ છે એને જીવનના વિકાસનું સાચું સુખ મળે છે ધરતી પર એક પણ માણસ એવો નથી જેણે મુશ્કેલીઓ સહન કર્યા વગર કે પરિસ્થિતિ સામે લડયા વગર કોઈ મોટી સફળતા મેળવી હોય. જીવનના દરેક કસ્ટને રાજી ખુશીથી અપનાવે તે જ સાચું તપ છે યાદ રાખવું સંસારમાં એવા જ લોકોને મહત્વ મળે છે જે દરેક મુશ્કેલીઓ વચ્ચે પણ હસતા રહે અને પોતાની જાત સાથે લડતા રહે. એક કહેવત છે કે કમાનમાંથી છૂટેલું તીર કદી પાછું ફરતું નથી તેમ વીતેલો સમય પણ કદી પાછો નહીં આવે. જીવનમાં જો કંઈ મૂલ્યવાન છે તો એ સમય છે જીવનની હર પળ એક ક્ષણ ખૂબ જ મૂલ્યવાન છે જે કાર્ય આજે કરો કે કાલે કરો પરંતુ કરવાનું તો છે જ તો કાલ પર ન છોડી આજે જ એ કાર્યને પૂર્ણ કરવું પોતાની જાતને પૂછવું હું શું કરવા આવ્યો છું? અને શું કરી રહ્યો છું? મે શું કર્યુ? અને શું બાકી છે? તેના અનુસંધાને જે બાકી છે તેને માટે પ્રયેય સિદ્ધિ કરવા પોતાના કાર્યોમાં જાગૃત થવું. આપણી આજુબાજુ એવા ઘણા લોકોને જોયા હશે જે ખૂબ જ ઉત્સાહથી કામ કરે છે તેમનો આત્મવિસ મહેનત લગન તેમનું સાહસ ક્યારેક તો બીજાને ગાન્ડા કરી મૂકવા માટે સક્ષમ હોય છે આવું શા માટે થાય છે? તેઓ દરેક કામ ઉત્સાહ, ધૈર્ય, ચીવટ પૂર્વક ઉર્જા, આંતરિક શકિતથી કામને પુરા મનથી આત્મવિસથી કરે છે રોજ પોતાની સાથે લડે છે તેઓ એટલે જ સફળતાના શિખરે ખૂબ જ જલ્દીથી પહોંચી જાય છે સફળતા કોઈ ડીગ્રી નથી કે કોઈ વારસાગત મળતી ધરોહર પણ નથી તેને જાતે જ પોતાના બળ પર હાંસેલ કરવી પડે .ઘણા લોકો પોતાનો મોટાભાગનો સમય ગપ્પા મારવામાં ટીવી મોબાઈલ હરવા ફરવા કે નકામા કાર્યો કરવામાં વિતાવી દે છે તેમની શકિ આવા કાર્યોમાં ખર્ચાઈ જાય છે જેમ વહેતું પાણી સ્વચ્છ હોય છે અને તળાવમાં પડી રહેલું પાણીમાં લીલ જામી જાય છે એમ પોતાની જાતને સતત અપડેટ કરતા રહેવું જોઈએ યુદ્ધ પહેલા પોતાની જાત સાથે પછી બાહ્ય વાતાવરણ સાથે કરો ઘણા બધા લોકો કહેતા હોય છે કે મારૂ નસીબ નથી સારૂ પરંતુ કોઈ પણ ઘટના કે દુર્ઘટના પાછળ નસીબની કોઈ ભૂમિકા નથી હોતી આ બધા મનના ખોટા વિચારો છે કોઈ પણ કામ મહેનત અને પૂરા ઉત્સાહથી કરવામાં ન આવે તો અસફળતા મળે છે નસીબને વારંવાર દોષ આપવાથી કોઈ ફાયદો નથી મનમાં આ પ્રકારની વાતો કાઢી નાખી અને ખુશી ખુશી દરેક વાતના પાસાઓને સમજી શાંતિથી આગળ વધવું અસફળતાની ચિંતા નહીં રહે.

લેખિકા :- દર્શના પટેલ (નેશનલ એથલીટ) અમદાવાદ

## રખડતા પશુઓ, અનિયમિત પાણી વિતરણ, જાહેરમાર્ગ પરનું દબાણ, ગંદકી સહિતનાં પ્રશ્નો સાથે

# અમરેલી પાલિકાની આગામી ચૂંટણીમાં બંધ સ્ટ્રીટલાઈટ મુદ્દો રહેશે

**શહેરમાં છેલ્લા એકાદ વર્ષથી અંદાજિત ૮૦૦ જેટલી સ્ટ્રીટલાઈટ બંધ છતાં કોઈને ચિંતા નથી**

**શહેરીજનોએ સત્તા પક્ષને ખોબલે-ખોબલે મત આપ્યા અને મળી સમસ્યાની ભરમાર**

**પ્રમુખ બદલાયા, ચીફ ઓફિસર બદલાયા છતાં સમસ્યા તો એને એ જ જોવા મળી રહી છે**

**જિલ્લાનાં મુખ્ય મથકમાં બંધ સ્ટ્રીટલાઈટ હોય તે બાબત અતિ શરમજનક બની છે**

અમરેલી, તા. ૧૦

અમરેલી પાલિકાની ૪૪ બેઠકની સામાન્ય ચૂંટણી આગામી વર્ષનાં પ્રારંભ આસપાસ થવાની હોય જેમાં મુખ્ય પ્રશ્ન કયો હશે તેને લઈને રાજકીય કાર્યકરો અને શહેરીજનોમાં ચર્ચા શરૂ થઈ છે. જેમાં સૌથી મહત્વનો પ્રશ્ન બંધ સ્ટ્રીટ લાઈટ, બાદમાં રખડતા પશુઓ, અનિયમિત પાણી વિતરણ અને ગંદકી તેમજ જાહેર માર્ગો પરનું દબાણ રહેશે તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

આજથી ૪ વર્ષ પહેલા યોજાયેલ પાલિકાની સામાન્ય ચૂંટણીમાં શહેરીજનોએ હોંશે હોંશે ભાજપને ખોબલે-ખોબલે મત આપી ઐતિહાસિક વિજય અપાવીને પાલિકાનું શાસન સોંપેલ અને આજે શાસનનાં ૪ વર્ષ પૂર્ણ થયા બાદ શહેરીજનોને દરરોજ નિયમિત સમયે પીવાનું પાણી મળતું નથી, રખડતા પશુઓની રંજાડ વધી છે, જાહેર માર્ગો, ફૂટપાથો પર દબાણ વધ્યું છે, ગંદકી પણ દૂર થતી નથી અને સૌથી મહત્વનો મુદો શહેરમાં અંદાજિત બંધ રહેતી ૮૦૦ જેટલી સ્ટ્રીટ લાઈટ છે.

અમરેલી એ જિલ્લાનું મુખ્ય મથક છે. જિલ્લાભરમાંથી નાગરિકો કોઈ કામ અર્થે અમરેલીમાં આવતા હોય છે. તેમજ ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓનું પણ અવારનવાર આગમન થતું હોવા છતાં શહેરને સુંદર અને રળીયામણું બનાવવામાં આવતુ નથી.

પાલિકામાં છેલ્લા ૪ વર્ષમાં પ્રમુખ અને ચીફ ઓફિસર બદલાયા

અનુસંધાન પાના ૬ ઉપર

## નજીકમાં જ નેશનલ હાઈ-વેનું કામ ચાલતુ હોય

# રાજુલા : ભેરાઈ ચોકડી નજીક રેલ્વે ફાટક નીચે બારદાન ભરેલ ટ્રકમાં આગ લાગી

**રૂપિયા ૩ લાખની કિંમતનાં બારદાનો બળી ગયા**



તસ્વીર : યોગેશ કાનાબાર-રાજુલા

રાજુલા, તા. ૧૦

ભાવનગર-સોમનાથ હાઈ-વે પર આવેલ ભેરાઈ ચોકડી નજીક રેલ્વે ફાટક નીચે મહુવાથી આવી રહેલ બારદાન ભરેલ ટ્રક જે રેલ્વે ફાટક નજીક નેશનલ હાઈ-વે ના બ્રિજનું કામ ચાલુ હોય તેની નીચેથી પસાર થઈ રહયો હોય ત્યારે ઉપર ઈલેકટ્રીક વેલ્ડીંગ થઈ રહયું હોય તેમાંથી તીખારો પડતા આ ટ્રકમાં ભરેલા બારદાનો ભડભડ સળગી ઉઠેલા અને આ ટ્રક ફાટક નજીક જ ઉભો રાખી દેવામાં આવેલો આગ લાગવાથી ઘડીભર માટે આ આવતા જતા વાહનોને ઉભા રાખી દેવામાં આવેલા ત્યારે આ આગની બુજાવવા માટે રાજુલા ફાયરનો સંપર્ક કરતા રાજુલા ફાયર ફાઈટર બંધ હોવાથી જાફરાબાદ નગરપાલિકા જાણ કરવામાં આવેલ પરંતુ જાફરાબાદ નગરપાલિકાનું ફાયર ફાઈટર આવે તે પહેલા હાઈ-વેનું કામ ચાલુ હોય ત્યારે હાઈ-વે ના પાણીના ટેન્કર દ્વારા આ આગને બુજાવવાનો પ્રયત્ન શરૂ કરેલો પરંતુ આસપાસનાં લોકો એકત્રિત થઈ

અનુસંધાન પાના ૬ ઉપર

## પૂ. શ્રી રામશર્મા આચાર્યશ્રીનાં સુક્ષ્મ સંરક્ષણ અને હિમાલયનાં ઋષિઓની પ્રેરણાથી

# અમરેલીમાં ગાયત્રી શકિતપીઠ ખાતે આગામી રવિવારથી ત્રિદિવસી ૨૪ કૂંડીય શાંતિ સંવર્ધન ગાયત્રી મહાયજ્ઞ

**શાંતિકૂંજનાં પ્રતિનિધિઓ દ્વારા સંગીત તથા વૈદિક મંત્રોચ્ચાર સાથે યોજાશે યજ્ઞ**



અમરેલી, તા. ૧૦

અમરેલી ખાતે ગાયત્રી શકિતપીઠ ખાતે આગામી ૧૩ થી ૧૫ એપ્રિલ સુધી ત્રિદિવસીય ૨૪ કૂંડીય શાંતિ સંવર્ધન ગાયત્રી મહાયજ્ઞનું આયોજન પૂ.શ્રી રામ શર્મા આચાર્યજીનાં સુક્ષ્મ સંરક્ષણ અને હિમાલયનાં ઋષિઓની પ્રેરણાથી કરવામાં આવી રહ્યું છે.

આ વિરાટ આધ્યાત્મિક કાર્યક્રમ શાંતિકૂંજ હરિદ્વારનાં પ્રતિનિધિઓ ધ્વારા સંગીત અને વૈદિક મંત્રોચ્ચાર સાથે થનાર હોય આ વિરાટ યજ્ઞનાં કાર્યમાં ભાગ લેવા તથા યજ્ઞનાં યજમાન બનવા અને દર્શનનો લાભ લેવા ગાયત્રી પરિવાર ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટી મનિષ સંઘાણી અને અન્ય ટ્રસ્ટીઓએ અનુરોધ કરેલ છે.

## વાહનવ્યહાર ઠપ્પ કરતી ઘટના

# લીલીયા મોટાથી અંટાળીયા જવાનાં માર્ગ ઉપર વૃક્ષ ધરાશાઈ થયું

**સ્થાનિક પોલીસે વૃક્ષને દૂર કર્યુ**



લીલીયા, તા. ૧૦

લીલીયાથી અંટાળીયા જવાના માર્ગ પર વૃક્ષ ધરાશાહી થતા વાહન વ્યવહાર થંભી ગયેલ હોય. જેમની જાણ લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ આઈ.જે. ગીડાને થતાં તાત્કાલિક લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસકર્મી સિધ્ધરાજસિંહ, સી.બી. ટીલાવત, દિલીપભાઈ ખૂંટ, પ્રકાશભાઈને ઘટના સ્થળ પર મોકલી જેસીબી મશીન દ્વારા માર્ગ પર પડેલ વૃક્ષને હટાવી માર્ગ પુનઃ ચાલુ કરાવવામાં આવેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## અમરેલીની ઓપન જેલમાં આજીવન કેદની સજા ભોગવતાં

# લિસ્ટેડ આરોપી ૨૮ વર્ષથી નાસતા-ફરતા હોય સિટી પોલીસે કલોલ નજીકથી ઝડપી લીધા

**એસપી સંજય ખરાતનાં માર્ગદશર્નતળે કાર્યવાહી શરૂ**



અમરેલી, તા. ૧૦

અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા નાસતા ફરતા સ્કવોર્ડની રચના કરી આ અંગે અસરકારક કામગીરી કરવા માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. ડી.કે. વાઘેલાની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ સ્ટેશનના ગુન્હા રજી. નં. ૧૫૮/૧૯૯૮ તા.

અનુસંધાન પાના ૬ ઉપર

## સોનાના દાગીનાં ઉપર લોન મેળવી આપવાની લાલચ સાથે

# અમરેલીનાં કુંકાવાવ નાકા નજીક આવેલ પેટ્રોલપંપમાં બીલખા પંથકની મહિલા સાથે દુષ્કર્મ

**વધુ તપાસ બીલખા પોલીસે શરૂ કરી**

અમરેલી, તા. ૧૦

જુનાગઢ પંથકની એક મહિલા ઉપર અમરેલી નજીક આવેલા પેટ્રોલપંપમાં બળજબરીથી બળાત્કાર ગુજાર્યો હોવાની ઘટના બિલખા પોલીસ દફતરે નોંધાઈ છે. મહિલા પાસેથી ગોલ્ડ લોનના નામે ૫૭૬ ગામ સૌનું પડાવી લીધા પછી સૌનું ઓળવી

અનુસંધાન પાના ૬ ઉપર

## આધેડનાં દીકરા ઉપર થયો હુમલો

# લાઠીનાં અકાળા રોડ ઉપર રહેલ પાણીનાં સંપ ખાતે મિક્ષ દાળ બનાવવા બાબતે બઘડાટી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૦

લાઠી ગામે આવેલ હરીચંદ્રપરા વિસ્તારમાં રહેતા ચંદુભાઈ બાલાભાઈ શેલીયા નામના ૫૪ વર્ષિય આધેડના દીકરા પારસ ઉર્ફે દશકો (ઉ.વ. ૩૦) ગત તા. ૮નાં રોજ રાત્રે ૮:૩૦ વાગ્યે લાઠી ગામે અકાળા રોડ ઉપર નવા બની રહેલ પાણીના સંપ ખાતે સિકયુરિટી તરીકે નોકરી કરતા હોય. જયાં મિક્ષ દાળ

અનુસંધાન પાના ૬ ઉપર


હવે આપની ગોળ હોસ્પિટલ અમરેલીમાં....



ડો. રાજેન્દ્ર ત્રિવેદીનો ૩૯ વર્ષોનો ન્યુરો સ્પાઇન ક્ષેત્રે અનુભવ તથા ડો. પુનિત ત્રિવેદીના આધુનિક મેડિકલ સાયન્સનો ડબલ જનરેશન એડવાન્ટેજ

ડૉ.પુનિત ત્રિવેદી
MS DNB (Neurosurgery)
ફેલો ઈન એપિલેપ્સી, બ્રેઈન એન્ડોસ્કોપી એન્ડ સ્કલ બેઇઝ સર્જરી, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જન

- માથાની ઇજા
- બ્રેઈન હેમરેજ
- ટ્રાઈજેમીનલ ન્યુરાલ્જીયા
- પક્ષઘાત (સ્ટ્રોક)
- એપિલેપ્સીની સારવાર તથા સર્જરી
- મગજ કે કરોડરજ્જુની ગાંઠ
- પિચ્યુટરીની ગાંઠ
- માથાનો દુઃખાવો (માઇગ્રેન)
- મગજમાં પાણીનો ભરાવો (હાઇડ્રોસેફેલસ)
- મગજની નસમાં મોરલી (એન્યુરીઝમ)
- મણકા અને કરોડરજ્જુની નસની તકલીફો

તારીખ : ૧૧/૦૪/૨૦૨૫ (શુક્રવાર)

એપોઈન્ટમેન્ટ માટે : ૯૯૭૮૯૬૬૬૨૯
સમય : સવારે ૧૦:૩૦ થી બપોરે ૧૨:૩૦ સુધી.
સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ) ચિત્તલ રોડ, અમરેલી

તપાસ ફી ૬૦૦/-

NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
(ગોળ હોસ્પિટલ)



શ્રી હનુમાનજી પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે ખાસ ડિસ્કાઉન્ટ ઓફર

શ્રીરામ ભક્ત હનુમાનજીના પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે આપના શહેર, વિસ્તાર કે નજીકના મંદિરોમાં આયોજીત ભોજન પ્રસાદ પ્રસંગ માટે શીતલ આઇસ્ક્રીમ અમરેલી દ્વારા નીચે દર્શાવેલ પ્રોડક્ટસ પર ખાસ ડિસ્કાઉન્ટ ઓફર જાહેર કરી છે, તો આ ઓફર નો લાભ અવશ્ય લેશો.





• 6 Ltr. છાશ • દહીં
• શિખંડ • કેરીનો રસ
• બાસુંદી • ફ્રુટ સલાડ

નોંધ : આ ઓફર માત્ર હનુમાનજીના જન્મોત્સવ પ્રસંગ માટે મર્યાદિત છે

Sheetal ICE CREAM
શીતલ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. મો. 95109 59954



Krishna DINING HALL

કિષ્ના ડાઈનીંગ હોલ

અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.

: હેડ ઓફિસ :
કિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)